RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 226* Date: 13.06.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આ હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાનો હાથ હોઇ શકેઃ આઇજી વિજય કુમાર

# જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલોઃ ૨ પોલીસકર્મી શહીદ





સોપોર,તા.૧૨

જમ્મુ કાશ્મીરના સોપોર વિસ્તારમાં એક આતંકી હુમલાની ઘટના સામે આવી છે. આ હુમલો આરામપોરા નાકા પર થયો છે. કહેવામાં આવી રહ્યુ છે કે આતંકવાદીઓએ પોલીસ અને સીઆરપીએફની જોઈન્ટ ટીમને નિશાન બનાવીને તાબડતોડ ફાયરિંગ કરી હતી. આ હુમલામાં બે જવાન શહીદ થયા હતા. બીજી તરફ બે સામાન્ય નાગરિકોના પણ જીવ ગયા છે. બે જવાનોને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઉત્તરી કાશ્મીરના સોપોર જિલ્લામાં આરામપોરા વિસ્તાર છે. અહી પર પોલીસ અને સીઆરપીએફની ટીમ નાકા પર તૈનાત હતી. અચાનક કેટલાક આતંકવાદી ત્યા પહોચ્યા હતા અને સુરક્ષાદળો પર તાબડતોડ ફાયરિંગ કરી હતી. કાશ્મીર પોલીસ આઈજી વિજય કુમારે જણાવ્યુ કે આ હુમલામાં બે પોલીસ કર્મી શહીદ થઈ ગયા છે. અન્ય પોલીસ કર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આઈજી વિજય કુમારે જણાવ્યુ કે આતંકી હુમલામાં બે સ્થાનિક લોકોને પણ ગોળી લાગી હતી જેમણે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ ડૉક્ટરોએ તેમણે મૃત જાહેર કર્યા હતા. આઈજીએ જણાવ્યુ કે હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાનો હાથ હોઈ શકે છે.

કહેવામાં આવી રહ્યુ છે કે હુમલાખોર આતંકવાદીઓને પકડવા માટે સુરક્ષાદળોએ ચારે તરફથી વિસ્તારને ઘેરી લીધો છે. તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. કહેવામાં આવી રહ્યુ છે કે સતત સુરક્ષાદળો પર કરવામાં આવેલો આ બીજો આતંકી હુમલો છે.

શુક્રવારે જમ્મુ કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષાદળોની એક ચેક પોસ્ટ પર આતંકીઓએ હુમલો કર્યો હતો. અગલર વિસ્તારમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ અને પોલીસનો એક નાકો બનાવવામાં આવ્યો હતો, જેની પર બપોરના સમયે હુમલો થયો હતો. અજાણ્યા હુમલાખોરોએ અહી ભારે ગોળીબાર કર્યો હતો જે બાદ સુરક્ષાદળોએ જવાબી કાર્યવાહી કરી હતી. જવાનોની કાર્યવાહી બાદ હુમલાખોર ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

માર્ચમાં પણ બે જવાનો શહીદ થયા હતા

આ પહેલાં માર્ચમાં લશ્કર-એ-તૈયબાના આતંકીઓએ ઝઈઁજીની પેટ્રોલિંગ પાર્ટી પર ફાયરિંગ કર્યુ હતું. આ હુમલો શ્રીનગરના બહારી વિસ્તાર લવેપોરામાં કરવામાં આવ્યો હતો. હુમલામાં બે જવાનો શહીદ થયા હતા. હુમલામાં ૩ જવાનો ઘાયલ થયા હતા. આ પૈકીના એકે સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો હતો.

૧૪ માર્ચે પણ થયું હતું એક્રાઉન્ટર

આ હુમલાના ૧૧ દિવસ પહેલાં ૧૪ માર્ચે પણ સુરક્ષાદળો અને આતંકીઓની વચ્ચે ફાયરિંગ થયું હતું. એમાં સુરક્ષાદળોએ એક આતંકીને ઠાર કર્યો હતો. આ ઓપરેશન શોપિયાના રાવલપોરા વિસ્તારમાં આખી રાત ચાલ્યું હતું, એ પછી બીજા દિવસે રવિવારે લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા આતંકી જહાંગીર અહમદ વાનીને ઠાર કરવામાં આવ્યો હતો. આ એક્રાઉન્ટરવાળી જગ્યાએથી સ્૪ કાર્બાઈન રાઈફલ પણ મળી હતી. આ રાઈફલનો ઉપયોગ અમેરિકાની મિલિટ્રી કરે છે.

### અમેરિકાના કોરોના એક્સપર્ટ ડો.એન્થની ફાઉચીનું મોટું નિવેદન

# કોરોના વેક્સીનના બે ડોઝ વચ્ચેનું અંતર વધારવાથી સંક્રમણનું જોખમ વધી શકે

**ડૉ.ફાઉચીએ અમેરિકામાં કોરોના વાયરસની સ્થિતિને લઈ કહ્યું કે, કોરોના વાયરસ વેક્સીનેશનને લઈ અમેરિકા સારી કામગીરી કરી રહ્યું છે.**

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકાના કોરોના એક્સપર્ટ અને રાષ્ટ્રપતિના મેડિકલ એડવાઈઝર ડૉક્ટર એન્થની ફાઉચીએ કહ્યું કે, વધુ લોકોને વેક્સીન ન લાગી હોય તો ડેલ્ટા વેરિઅન્ટવાળા કોઈપણ દેશમાં ચિંતા થવી વ્યાજબી છે. તેમણે આ વાત એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન કહી છે. તેમણે કહ્યું કે, કોરોના વેક્સીનના બે ડોઝ વચ્ચેનું અંતર વધારવાથી લોકોનું વાયરસના વેરિઅન્ટના સકંજામાં આવવાની સંભાવના વધી શકે છે. ડૉ.ફાઉચીએ અમેરિકામાં કોરોના વેક્સીન વચ્ચેના અંતરને લઈ પૂછવામાં આવેલા સવાલના જવાબમાં આ વાત કહી.

ઉલ્લેખનીય છે કે, ફાઈઝરની વેક્સીન માટે બે ડોઝ વચ્ચેનું અંતર ૩ અઠવાડિયા અને મોડર્નાની વેક્સીન વચ્ચેનું અંતર ૪ અઠવાડિયાનું છે. જોકે, ડૉ. ફાઉચીએ કહ્યું કે, કોરોનાની વેક્સીન વચ્ચેનું અંતર એવી સ્થિતિમાં સારું છે જ્યારે કોઈ દેશ વેક્સીન પૂરી પાડવાને લઈ મુશ્કેલીનો સામનો કરી રહ્યો હોય. ડૉક્ટર ફાઉચી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના મેડિકલ સલાહકાર પણ છે.

જણાવી દઈએ કે, ગયા મહિને ભારતની મોદી સરકારે એસ્ટ્રાજેનેકાની વેક્સીન કોવિશીલ્ડના બે ડોઝ વચ્ચેનું અંતર ૬-૮ અઠવાડિયાથી વધારીને ૧૨-૧૬ અઠવાડિયાનું કર્યું હતું. આ બીજી વાર છે જ્યારે કોવિશીલ્ડના



ડોઝમાં અંતર વધારવામાં આવ્યું છે. માર્ચમાં રાજ્યોના સારા પરિણામો માટે આ અંતરને ૨૮ દિવસથી વધારીને ૬ અઠવાડિયા કરવાનું કહેવામાં આવ્યું હતું.

ડૉ.ફાઉચીએ અમેરિકામાં કોરોના વાયરસની સ્થિતિને લઈ કહ્યું કે, કોરોના વાયરસ વેક્સીનેશનને લઈ અમેરિકા સારી કામગીરી કરી રહ્યું છે. અમારા ત્યાં લગભગ ૬૪ ટકા પુખ્ત વયના લોકોને ક્યાં તો વેક્સીનનો એક ડોઝ કે બંને ડોઝ લાગી ગયા છે.

ડેલ્ટા વેરિઅન્ટને લઈ તેમનું કહેવું છે કે, આ સ્ટ્રેન ભારતના ઘણાં રાજ્યોમાં જોવા મળ્યો છે. જે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. એવામાં કોઈપણ દેશનું ચિંતિત થવું સ્વાભાવિક છે. જે દેશમાં આ વેરિઅન્ટ છે તેણે આનાથી છૂટકારો મેળવવા માટે ખાસ તૈયારી કરવાની જરૂર છે.

### ડોમિનિકા હાઈકોર્ટે મેહુલ ચોક્સીને જામીન આપવા કર્યો ઈનકાર

ન્યુ દિલ્હી,તા.૧૨

પંજાબ નેશનલ બેંક કૌભાંડનો મુખ્ય આરોપી મેહુલ ચોક્સી હાલ ડોમિનિકામાં છે. ડોમિનિકાની હાઈકોર્ટ ખાતે મેહુલ ચોક્સીની જામીન અરજી પર સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે ભાગેડુ કારોબારીને ફ્લાઈટ રિસ્કના કારણે જામીન આપવા ઈનકાર કરી દીધો છે. બચાવ પક્ષના વકીલોએ શનિવારે હાઈકોર્ટમાં એવો તર્ક રજૂ કર્યો હતો કે, એક કૈરિકોમ નાગરિક તરીકે મેહુલ ચોક્સી જામીનનો હકદાર છે કારણ કે કથિત અપરાધ જામીનપાત્ર છે અને તેના પર કેટલાક હજારનો દંડ છે.

વકીલોએ એવો તર્ક પણ આપ્યો કે, મેહુલ ચોક્સીનું સ્વાસ્થ્ય ઠીક નથી માટે આ સંજોગોમાં તેમણે ફ્લાઈટનું જોખમ ન લેવું જોઈએ. આ કારણે જામીન રાશિ લઈને તેમને બેલ આપવામાં આવે. જોકે રાજ્ય બેલનો વિરોધ કરી રહ્યું છે. તેમના કહેવા પ્રમાણે મેહુલ ચોક્સી ફ્લાઈટ રિસ્ક પર છે અને ઈન્ટરપોલ દ્વારા તેને નોટિસ પાઠવવામાં આવેલી છે. રાજયએ જામીન ન આપવાની અરજી પણ કરેલી છે.

### ૨૪ કલાકમાં ૪૦૦૨ના મોત સાથે મૃત્યુઆંક ૩,૬૭,૦૮૧ પર પહોંચ્યો

# દેશમાં ૭૦ દિવસ પછી કોરોનાના સૌથી ઓછા ૮૪૩૩૨ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અપડેટ કરવામાં આવેલા આંકડા અનુસાર, સતત પાંચમા દિવસે ભારતમાં દૈનિક ફ્રેશ કોવિડ કેસ ૧ લાખ નીચે રહ્યા છે. દેશમાં શનિવારે ૮૪,૩૩૨ નવા કેસ નોંધાયા છે, જે ૭૦ દિવસમાં સૌથી ઓછા છે, એમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે અપડેટ કરેલા આંકડા મુજબ છે. આ સાથે, દેશની કુલ સંખ્યા ૨૯,૩૫૯,૧૫૫ પર પહોંચી ગઈ છે. ૮મી જૂને ભારતમાં, ૮૬,૪૯૮ કોવિડ કેસ નોંધાયા જે સૌથી ઓછા ૬૩ દિવસમાં છે.

જોકે બીજી તરફ કોવિડને કારણે થતાં મૃત્યુના આંકડા સતત ચિંતા વધારી રહ્યા છે. છેલ્લા કટેલાક દિવસથી નવા કેસ ઓછા થઈ રહ્યા છે પરંતુ મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૦૦૨ વધુ કોવિડ મૃત્યુ સાથે દેશમાં કુલ મૃત્યુની સંખ્યા વધીને ૩,૬૭,૦૮૧ પર પહોંચી ગઈ દરમિયાન દેશમાં એક્ટિવ કેસ વધુ ૪૦,૯૮૧ ઘટીને ૧,૦૮૦,૬૯૦ પર આવી ગયો છે. આ સાથે રિકવરી રેટ પણ ૯૫.૦૭% થયો છે. ગઈકાલે કુલ ૧,૨૧,૩૧૧ દર્દીઓને રજા આપવામાં આવી હતી. જે બાદ અત્યાર સુધઈમાં કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૨૭,૯૧૧,૩૮૪ થઈ ગઈ છે. આ તરફ દૈનિક પોઝિટિવિટી રેટ પણ ૪.૩૯ % છે, જે સતત ૧૯ દિવસથી ૧૦% કરતા પણ ઓછો છે.

આરોગ્ય મંત્રાલય અનુસાર દેશમાં ટેસ્ટિંગમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. કોવિડ માટે અત્યાર સુધીમાં કુલ ૩૭.૬૨ કરોડ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. બીજી તરફ આ વર્ષે ૧૬ જાન્યુઆરીથી શરૂ થયેલી રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૪.૯૬ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

# ધોધમાર વરસાદથી મુંબઈનું જનજીવન ઠપ, વધારે વરસાદની આગાહી

મુંબઈ,તા.૧૨

મુંબઈમાં છેલ્લા ત્રણ દિવસથી સત મુશળધાર વરસાદ પડી રહ્યો છે. સ્થિતિ વી સર્જિ છે કે હજુ તો ચોમાસાની શરુઆતના માત્ર ૧૧ દિવસમાં જ એક મહિનાનો વરસાદ પડી ગયો છે. મુંબઈમાં ૧૧ દિવસમાં ૫૬૦ મિલીમિટર કરતા વધારે વરસાદ પડ્યો છે, જે હજુ પણ શરુ છે. આ સિવાય આગામી બે દિવસ પણ આવે ભારે વરસાદ પડશે તેવી હવામાન વિભાગની આગાહી છે. જેના કારણે હવામાન વિભાગે મુંબઈ, ઠાણે, રત્નાગિરી અને રાયગઢમાં રવિવાર સુધી હાઈ એલર્ટ જાહેર કર્યુ છે.

મુંબઈમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાના આગમન બાદથી સતત વરસાદ શરુ છે. ભારે વરસાદને કારણે અંધેરી સબવેમાં પાણી ભરાયા છે. કુર્લા, સાંતાક્રુઝ, અંધેરી સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. મુંબઈ માટે તો દર વર્ષે ચોમાસુ આ પ્રકારની મુસીબત લઈને આવે છે. માત્ર અમુક કલાકના વરસાદથી જ ત્યાંનુ જનજીવન અસ્ત વ્યસ્ત થવા લાગે છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૧૩ અને ૧૪ જૂનના દિવસે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. જેની આ વિસ્તારોમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય બીએમસી દ્વારા પણ લોકોને દરિયા નજીક જવાની ના પાડવામાં આવી છે. આ સાથે જ પ્રશાસન અત્યારે એલર્ટ મોડ પર છે. ભારે વરસાદની શક્યતા વચ્ચે એનડીઆરએફની ૧૫ ટીમોને વિવિધ વિસ્તારોમાં તહેનાત કરવામાં આવ્યા છે. આ સાથે બીએમસીએ અત્યારે વિવધ સ્થળે પડેલા વૃક્ષોને દૂર કરવાનું અને જળભરાવને દૂર કરવાનું કામ હાથ ધર્યુ છે. આ સિવાય રવિવારે રાજયના કેટલાક વિસ્તારોમાં ૨૪ કલાકમાં ૨૦૪.૦૫ સુધી વરસાદ પડવાની શક્યતા છે. મંગળવાર સુધીમાં શહેરના કોંકણ વિસ્તારમાં ઓરેન્જ એલર્ટ રહેશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૪૯૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૧૯૮૬૬**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૬**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૭૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૯૯૦૧૨**

### શનિવારે પેટ્રોલમાં ૨૭ અને ડીઝલમાં ૨૩ પૈસા વધ્યા

# મોદી હૈ તો મુમકીન હૈ: પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો યથાવત્

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશભરમાં વિરોધ વચ્ચે ઓઈલ કંપનીઓએ આજે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આજે પેટ્રોલમાં ૨૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલમાં ૨૩ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. આ ફેરફાર બાદ દિલ્હીમાં પેટ્રોલ ૯૬.૧૨ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૮૬.૯૮ રૂપિયા પ્રતિ લીટરે વેચાઈ રહ્યું છે.

માત્ર જૂન મહિનાના ૧૨ દિવસની વાત કરીએ તો આ સમયગાળામાં જ પેટ્રોલ લગભગ ૨ રૂપિયા મોંઘું થઈ ગયું. આ વધારા બાદ દેશના અનેક શહેરોમાં પેટ્રોલ ૧૦૫ રૂપિયાની આસપાસ પહોંચી ગયું છે.

આજે દિલ્હીમાં પેટ્રોલ ૯૬.૧૨ રૂપિયા, કલકતામાં ૯૬.૦૬ રૂપિયા, મુંબઈમાં ૧૦૨.૩૦ રૂપિયા, ચેન્નઈમાં ૯૭.૪૩ રૂપિયા અને નોઈડામાં પેટ્રોલ ૯૩.૪૬ રૂપિયા પ્રતિ લીટરે વેચાઈ રહ્યું જ્યારે ડીઝલ દિલ્હીમાં ૮૬.૯૮ રૂપિયા, કલકત્તામાં ૮૯.૮૩ રૂપિયા, મુંબઈમાં ૯૪.૩૯ રૂપિયા, ચેન્નઈમાં ૯૧.૬૪ રૂપિયા અને નોઈડામાં ૮૭.૪૬ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે.

રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને લદ્દાખમાં પહેલાંથી જ પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટરને પાર પહોંચી ગયો છે. રાજસ્થાનમાં હવે ડીઝલનો ભાવ પણ ૧૦૦ને પાર પહોંચી ગયો છે. રાજસ્થાન એવું પ્રથમ રાજ્ય છે જ્યાં પેટ્રોલ અને ડીઝલ બંને ૧૦૦ રૂપિયા પ્રતિ લીટરને પાર પહોંચી ગયું છે. રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં પેટ્રોલ ૧૦૭ રૂપિયા જ્યારે ડીઝલ ૧૦૦.૦૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# ચીનમાં મેરેથોન દોડમાં ૨૧ દોડવીરોના મોતથી હાહાકાર



***ચીનના ગાંસૂ પ્રાંતમાં આયોજીત ક્રોસ-કન્ટ્રી માઉન્ટેન મેરેથોન દરમ્યાન ૨૧ દોડવીરના મોત થયા છે. ગાત્ર થીજવતી કડકડતી ઠંડીમાં આયોજીત ૧૦૦ કિલોમીટરની આ દોડમાં સેંકડો દોડવીરોએ ભાગ લીધો હતો. આ મેરેથોન જિંગતાઇ કાઉન્ટીના યેલો રિવર સ્ટોન ફોરેસ્ટ ટુરિસ્ટ સાઇટમાં આયોજીત કરાઇ હતી. ત્યારે કદાચ આયોજકોને એ અંદાજો નહોતો કે આ દરમ્યાન ૨૧ દોડવીરના મોત થઇ જશે. કહેવાય છે કે બરફવર્ષા, ભારે વરસાદ અને આંધી જેવા ખરાબ હવામાનમાં ફસાતા આ દોડવીરોના મોત થયા.***

***ગાંસૂ મેરેથોનનું આયોજન ગયા મહિને ૨૩મી મેના રોજ કરાયું હતું. રાહત અને બચાવ કામ સાથે જોડાયેલા લોકોએ કહ્યું કે તમામ મૃતક દોડવીર ભીષણ ઠંડીના લીધે હાઇપોથર્મિયાનો શિકાર બન્યા હતા. મૃતક દોડવીરોમાં મોટાભાગના ચીની નાગરિક છે. ચીનના સરકારી મીડિયા સીજીટીએને કહ્યું કે મૃતક દોડવીરોમાં લિઆંગ જિંગ અને હુઆંગ ગુઆનજુનનું નામ પણ સામેલ છે. આ બંને ચીનના ટોચના સ્થાનિક મેરેથોન રનર છે.***

***ગાંસૂ મેરેથોનની શરૂઆત ૨૦૧૮માં કરાઇ હતી. ચીની એથલેટિક એસોસીએશને આ દોડને બ્રોન્ઝ મેડલ ઇવેન્ટનું નામ અપાયું છે. તેમાં મુખ્યત્વે ત્રણ કેટેગરીમાં દોડ હોય છે. પહેલી કેટેગરીમાં ૫ કિલોમીટર, બીજી કેટેગરીમાં ૨૧ કિલોમીટર અને ત્રીજી કેટેગરીમાં ૧૦૦ કિલોમીટરની દોડ હોય છે. ક્રોસ કંટ્રી મેરેથોનને ખૂબ જ જોખમભરી દોડ મનાય છે.***

***દુનિયાના સૌથી કઠિન ક્રોસ કંટ્રી દોડમાંથી એક ચીનની આ મેરેથોનને દુનિયાને સૌથી કઠિન ક્રોસ કંટ્રી દોડમાં ગણના થાય છે. આ દોડવીરોને દરિયા સપાટીથી ૨૦૦૦ મીટરની ઊંચાઇ પર પોતાનો દમખમ લગાવાનો હોય છે. આ દોડનો મોટાભાગનો રસ્તો વેરાન છે. આ સિવાય કોઇપણ દોડવીરને આ રેસને પૂરી કરવા માટે ૨૦ કલાકની અંદર લક્ષ્યાંક સુધી પહોંચવું જરૂરી છે. ૧૦૦ કિલોમીટરની દોડ માટે ૯ ચેકપોઇન્ટ બનાવ્યા હતા. જેમાં આ દુર્ઘટના ચેકપોઇન્ટ નંબર-૨ (૨૪ કિલોમીટર) અને ત્રણ (૩૨.૫ કિલોમીટર)ની બની હતી.***

***ચીની મીડિયાના અનુસાર આખી દોડમાં આ ભાગને સૌથી ખતરનાક મનાય છે. તેમાં હરિફ દોડવીરોને રેતી અને પર્વતોથી બનેલા આકરા ચઢાણ પરથી પસાર થવું પડે છે. ખરાબ હવામાનના લીધે અહીંની પરિસ્થિતિ વધુ ખરાબ થઇ ગઇ. હવામાનના મારને જોતા કેટલાંક દોડવીરોએ દોડ છોડી દીધી, જ્યારે કેટલાંક એવા પણ હતા જે વેરાન જગ્યાઓ પર એકલા ફસાઇ ગયા. તેજ પવને તેમના થર્મલ કંબલને ફાડી નાંખ્યા. તેનાથી તેમના શરીરનું તાપમાન ખતરનાક રીતે નીચે જવું રહ્યું.***

# ખોડલધામમાં પાટીદાર સમાજની ૬ સંસ્થાઓની બેઠક યોજાઈ

# આગામી મુખ્યમંત્રી પાટીદાર હોય તેવી ઈચ્છા, આગામી ચૂંટણીમાં આપને ફાયદો થશેઃ નરેશ પટેલ

રાજકોટ,તા.૧૨

ખોડલધામ ખાતે આજે પાટીદાર સમાજની ૬ સંસ્થાઓની બેઠક મળી હતી. હાલ કાગવડના ખોડલધામમાં પાટીદારોની બેઠક પૂર્ણ થઈ ગઈ છે. આજે વર્ષો બાદ લેઉવા અને કડવા પટેલ સમાજના આગેવાનોની એક મંચ પર ભેગા થયા હતા, જેમાં સામાજિક મુદ્દા પર ચર્ચા થઈ હતી, આ સિવાય રાજકીય, સામાજિક મુદ્દાઓ પર ચર્ચાયા હતા. જેમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી લેઉવા-કડવા નહીં પણ હવે પાટીદાર જ શબ્દ લખાશે.



ખોડલધામ પ્રમુખ નરેશ પટેલે બેઠક પૂર્ણ થયા બાદ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, હવેથી લેઉવા-કડવા નહીં હવે માત્ર પાટીદાર લખાશે, આજે અહીંયા અલગ-અલગ પાટીદાર સંસ્થાઓ હાજર છે તેનું એક ફેડરેશન બનશે. આજની બેઠકમાં પાટીદારોના પ્રશ્ન હલ કરવા ચર્ચા થઈ છે, જે આગામી સમયમાં હલ કરવામાં આવશે. આ સિવાય વિશ્વભરમાં પથરાયેલા પાટીદાર સંસ્થાઓને એક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાટીદાર સંગઠનને મજબૂત કરવા અંગે, પાટીદારોને યોગ્ય સ્થાન મળે તે અંગેની ચર્ચા અને બેઠકમાં ૨૦૨૨ની ચૂંટણીને લઈને પણ ચર્ચા થઈ હોવાનું નિવેદન નરેશ પટેલે આપ્યું છે. ખોડલધામ ખાતે આજે પાટીદાર સમાજની ૬ સંસ્થાઓની બેઠક પૂર્ણ થયા બાદ પ્રેસ કોન્ફરન્સમાં ૬ સંસ્થાના આગેવાનો હાજર રહ્યા હતા.

આર.પી.પટેલે જણાવ્યું હતું કે, આ બઠકમાં કોરોના સંકટ વચ્ચે ભાંગી પડેલા ઉધોગો અને તેને લઈને પડતી અગવણો પર ચર્ચા કરવામાં આવી હતી. મિટિંગનો મહત્વનો મુદ્દો એક વર્ષથી ખાલી પડેલાં ગુજરાત બિન અનામત આયોગના ચેરમેનની વરણી પર ચર્ચા હતો અને યોગ્ય નામ ફાઈનલ કરી સરકારને મોકલવાનો હતો. કોરોના વચ્ચે બેરોજગાર બનેલા પાટીદાર યુવાનોને ટુંક સમયમાં અયોજન કરી રોજગારી પુરી પાડવાનું આયોજન અને રોડમેપ તૈયાર કરાયો હતો.

નરેશ પટેલે કહ્યું હતું કે કેશુભાઈ પટેલ જેવા આગેવાન હજુ સુધી મળ્યા નથી, આગામી મુખ્યમંત્રી પાટીદાર સમાજનો હોય એવી ઈચ્છા છે.

નરેશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, આગામી મુખ્યમંત્રી પાટીદાર હોય તેવી ઈચ્છા છે. તેમણે વધુમાં કહ્યું કે, ઈતિહાસ એમ કહે છે, ગુજરાતમાં ક્યારેય ત્રીજો પક્ષ આવ્યો નથી. નરેશે પટેલે આપના વખાણ કરતા કહ્યું કે, આપ જે રીતે દિલ્હી અને બીજા રાજ્યોમાં કામ કરી રહ્યું છે, તે જોતા મને લાગે છે કે આવતી ચૂંટણીમાં કદાચ આપને ફાયદો થશે. આપ'એ ગુજરાતમાં એન્ટ્રી કર્યા બાદ ઘણા સારા કામ કર્યા છે અને તેની કામ કરવાની શૈલી પણ ઉમદા હોવાને કારણે તેનું ભવિષ્ય ઘણું ઉજળું દેખાઈ રહ્યું છે.

# દિલ્હીમાં ૧૫ જૂને મોનસૂન દસ્તક દે તેવી હવામાન વિભાગની આગાહી

ન્યુ દિલ્હી,તા.૧૨

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ વર્ષે મોનસૂન સામાન્ય તારીખ કરતાં ૧૨ દિવસ પહેલાં એટલે કે ૧૫ જૂનના રોજ દસ્તક આપી શકે છે. આ જાણકારી હવામાન વિભાગએ આપી છે. આઈએમડીના ક્ષેત્રીય પૂર્વાનુમાન કેંદ્રના પ્રમુખ કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું કે આ પહેલાં વર્ષ ૨૦૦૮ માં પણ મોનસૂન ૧૫ જૂનના રોજ દિલ્હી પહોંચ્યું હતું. તેમણે કહ્યું કે 'મોનસૂનના સમય પહેલાં આવવાની અનુકૂળ પરિસ્થિતિઓ બની છે. એટલા માટે આ વખતે મોનસૂન ૧૫ જૂનના રોજ દિલ્હી પહોંચી શકે છે.

આઈએમડીએ જણાવ્યું કે ઉત્તર પશ્ચિમ પર બંગાળની ખાડી પર ઓછા દબાણનું ક્ષેત્ર બન્યું છે. તેના આગામી ત્રણથી ચાર દિવસમાં ઓડિશા,ઝારખંડ અને ઉત્તર છત્તીસગઢ તરફ આગળ વધવાની સંભાવના છે. આઈએમડીએ કહ્યું કે 'અનુકૂળ મોસમની પરિસ્થિતિઓના લીધે દક્ષિણ પશ્ચિમી મોનસૂનના આગામી ૫ થી ૬ દિવસ દરમિયાન દક્ષિણ રાજસ્થાન અને ગુજરાતના કચ્છ ક્ષેત્રને છોડીને આખા દેશમાં છવાઈ જવાની આશા છે.

આઈએમડીના અધિકારીએ કહ્યું કે કોઇ વિસ્તારમાં મોનસૂન આવવાની જાહેરાત કરવા માટે ઉપરછલ્લા ત્રણ તથ્યો પર વિચાર કરવામાં આવે છે જેમાં પહેલો વિસ્તૃત ક્ષેત્રમાં વરસાદ, બીજો આગામી ૩-૪ દિવસમાં વરસાદની સંભાવના અને ત્રીજો, પૂર્વી હવાઓ. આ તમામનો ગહન અભ્યાસ કર્યા બાદ એવા પૂર્વાનુમાન લગાવવામાં આવે છે.

## નવરંગપુરામાં પાર્ટી કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે

# આજે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ગુજરાત આવશે



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. રાજ્યમાં ભાજપ-કોંગ્રેસ સિવાય આ વખતની ચૂંટણીમાં ત્રીજો પક્ષ આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે ગુજરાત આવવાના છે. આપ ગુજરાતથી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતી કાલે ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. આમ આદમી પાર્ટી ગુજરાતથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવા જઈ રહી છે. ૧૪ મેએ કેજરીવાલ અમદાવાદના નવરંગપુરામાં કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. સવારે ૧૦.૨૦ વાગ્યે કેજરીવાલ અમદાવાદ પહોચશે, તે બાદ બપોરે વલ્લભભવન ખાતે પત્રકાર પરિષદ કરશે.

કેજરીવાલની હાજરીમાં ઈશુદાન ગઢવી સહિતના આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે. તે બાદ કેજરીવાલ સાંજે દિલ્હી પરત ફરશે.

આમ આદમી પાર્ટીએ પ્રથમ વખત મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતું. સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી ૨૭ બેઠક જીતીને બીજા નંબર પર રહી હતી. સુરતમાં AAP વિપક્ષમાં છે.

## પાકિસ્તાન પત્રકારના સવાલ પર દિગ્વિજયસિંહનું મોટુ નિવેદન

# કોંગ્રેસ સત્તામાં આવી તો કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦નો નિર્ણય બદલાશે

ન્યુ દિલ્હી,તા.૧૨

ક્લબ હાઉસ ચેટનો એક ઓડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં કોંગ્રેસના નેતા અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ-૩૭૦ હટાવવાના નિર્ણય પર બોલી રહ્યાં છે. તેમના કથિત ઓડિયોમાં તે બોલી રહ્યાં છે કે અહીંથી જયારે આર્ટિકલ-૩૭૦ હટાવવામાં આવી, ત્યારે લોકશાહીના મુલ્યોનું પાલન કરવામાં આવ્યું ન હતું. આ ઉપરાંત કાશ્મીરિયત પણ રાખવામાં આવી નથી. બધાને એક અધારુ ધરાવતા રૂમમાં પુરવામાં આવ્યા. જો કોંગ્રેસ સરકાર સત્તામાં આવી તો અમે આ નિર્ણય બાબતે ફરીથી વિચારીશું અને આર્ટીકલ-૩૭૦ને લાગુ કરીશું.

દિગ્વિજય દેશ-વિદેશના કેટલાક પત્રકારો સાથે વરચ્યુઅલી વાતો કરી રહ્યાં હતા. આ દરમિયાન પાકિસ્તાનના પત્રકાર શાહજેબ જિલ્લાનીએ કલમ-૩૭૦ સાથે જોડાયેલો એક સવાલ કોંગ્રેસ જનરલ સેક્રેટરીને પૂછ્યો. જિલ્લાનીએ પૂછ્યું હતું કે જયારે હાલની સરકાર જશે અને ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી બીજા વડાપ્રધાન મળશે ત્યારે કાશ્મીર પર આગળનો રસ્તો શું હશે? મને ખ્યાલ છે કે હાલ ભારતમાં જે થઈ રહ્યું છે, તેના કારણે તે ખત્મ થવાની નજીક છે. જોકે આ એક એવો મુદ્દો છે, જે બંને દેશોની વચ્ચે આટલા લાંબા સમયથી છે.

**કોંગ્રેસનો પહેલા પ્રેમ પાકિસ્તાનઃ ગિરિરાજ સિંહ**

દિગ્વિજય સિંહની ક્લબ હાઉસ ચેટ લીક થયા બાદ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે વાયરલ ચેટ ટ્વીટ કરતા કહ્યુ કે કોંગ્રેસનો પહેલા પ્રેમ પાકિસ્તાન છે. દિગ્વિજય સિંહે રાહુલ ગાંધીનો સંદેશ પાકિસ્તાન સુધી પહોંચાડ્યો છે. કોંગ્રેસ કાશ્મીરે હડપવામાં પાકિસ્તાનની મદદ કરશે.

# કોરોનાની બીજી લહેરમાં ૭૧૯ ડોક્ટરોએ ગુમાવ્યો જીવ



ન્યુ દિલ્હી,તા.૧૨

ઈન્ડીયન મેડિકલ એસોસિએશનએ જાણકારી આપતાં જણાવ્યું કે કોરોના વાયરસની બીજી વેવમાં ૭૧૯ ડોક્ટર્સના મોત થયા છે. બિહારમાં સૌથી વધુ ડોક્ટર્સના જીવ ગયા છે. બિહારમાં ૧૧૧ ડોક્ટર્સના મોત વાયરસના લીધે થયા છે. આ મામલે બીજા નંબર પર દિલ્હી છે. દિલ્હીમાં ૧૦૯ ડોક્ટર્સના મોત કોરોના વાયરસના લીધે થયા છે. કોરોના વાયરસના લીધે ડોક્ટર્સના મોતના મામલે ઉત્તર ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન ત્રીજા, ચોથા અને પાંચમા નંબર પર રહ્યા. ઉત્તર પ્રદેશમાં ૭૯ ડોક્ટર્સ, પશ્ચિમ બંગાળમાં ૬૩ ડોક્ટર્સ અને રાજસ્થાનમાં ૪૩ ડોક્ટર્સના કોરોનાના લીધે મોત થયા.

તો બીજી તરફ પોંડીચેરી, ગોવા, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં કોરોનાના લીધે સૌથી ઓછા ડોક્ટર્સનો જીવ ગયો છે. પોંડીચેરીમાં ૧ ડોક્ટરનું મોત થયું. આ ઉપરાંત ગોવા, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં બે-બે ડોક્ટર્સના મોત થયા છે.

કેંન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર ગત ૨૪ કલકામાં દેશભરમાં કોરોના સંક્રમિતોના નવા ૮૪,૩૩૨ કેસ સામે આવ્યા, નવા કેસનો આંકડો ગત ૭૦ દિવસમાં સૌથી ઓછો છે. આ દરમિયાન ૧,૨૧,૩૧૧ લોકો હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા. જોકે ૪,૦૦૨ કોરોના દર્દીઓના વાયરસના લીધે મોત થયા છે.

# એસટી વિભાગને ૧૨૦૦ કરોડનું નુકસાન થયુંઃ એસટી કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેર જીવલેણ સાબિત થઈ હતી અને ત્યારબાદ મ્યૂકરમાઈકોસિસનો ખતરો મંડરાયો હતો. કોરોનાથી ગુજરાત એસટી વિભાગને ૧૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાનનો દાવો કરવામાં આવ્યો છે. આ મુદ્દે ગુજરાત રાજ્ય જી્ કર્મચારી મહામંડળે રાજ્યના સીએમ વિજય રૂપાણીને પત્ર લખ્યો છે. મહામંડળે પત્ર લખીને એક ખાસ પેકેજ ફાળવવા માંગણી કરી છે. તમને જણાવી દઈએ કે કોરોનામાં જી્ વિભાગના ૧૩૦ કર્મચારીનાં મોત થયા હતા અને ૨૦૦૦થી વધુ કર્મચારી કોરોના સંક્રમિત થયા હતા. તેમાં મોટાભાગના ડ્રાઈવર અને કંડકટરનો સંક્રમિત હતા.

કોરોનામાં ગુજરાત એસટીને ૧૨૦૦ કરોડનું નુકસાન થયો હોવાનો દાવો કરાયો છે, ત્યારે ફરી એકવાર ગુજરાત એસટી કર્મચારી મહામંડળ મેદાનમાં આવ્યું છે અને કર્મચારીઓ માટે એક ખાસ પેકેજ ફાળવવા માટે સીએમ રૂપાણીને પત્ર લખ્યો છે. તમને જણાવી દઈએ કે એસટી વિભાગના ૨૦૦૦ કર્મચારીઓમાંથી ૧૩૦ કર્મચારીઓએ પોતાનો જીવ કોરોનામાં ગુમાવ્યો છે. ત્યારે તેમના પરિવારને મદદરૂપ થવા માટે એસટી મહા મંડળ દ્વારા તેમની માંગણીઓને વાચા આપવામાં આવી છે. અગાઉ એસટી મહામંડળે કોરોનામાં મૃત્યું પામેલા કર્મચારીઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યારે એસ.ટી મહામંડળના સભ્યોએ બેનર લઈને સરકાર સમક્ષ અનેક માંગણીઓ કરી હતી.

કોરોના મહામારી દરમિયાન પણ મુસાફરોને કોઈ અગવડતા ન પડે તેના માટે રાજયના અમુક રૂટ પર એસટી બસ ચાલું રાખવામાં આવી હતી. લોકડાઉન વખતે પણ પરપ્રાંતિયોને પોતાના વતન મોકલવા માટે એક શહેરમાંથી બીજા રાજયમાં પહોંચાડવા માટે ગુજરાત એસટી કાર્યરત હતી. આ સમયગાળા દરમિયાન પણ ડ્રાઈવર અને કન્ડકટર પોતાની ફરજ બજાવી રહ્યા હતા. જેથી તેમને આવા કપરાં સમયમાં યોગ્ય વળતર મેળવું જોઈએ તેમ એસટી મહામંડળે સરકારને જણાવ્યું હતું. એસટી મહામંડળના કર્મચારીઓએ સરકાર સમક્ષ રજૂઆત કરી કે કર્મચારીઓને કોરોના વોરિયરનું બિરુદ આપવામાં આવે. કારણ કે તેઓએ પણ જીવના જોખમે કોરોનાકાળમાં ફરજ બજાવી છે અને તે દરમિયાન તેઓ સંક્રમિત થયા હતા.

# વડોદરામાં કિડનીમાં ફંગલ ઈન્ફેક્શનનો પ્રથમ કિસ્સો નોંધાતા ડોકટરો સ્તબ્ધ

વડોદરા,તા.૧૨

રાજ્યમાં કોરોના મહામારી બાદ મ્યૂકરમાઈકોસિસ અને ફંગલના કેસમાં વધારો નોંધાયો છે. ત્યારે એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. મધ્ય પ્રદેશની મહિલાને કિડનીમા ફંગલ ઈન્ફેક્શન થયુ હોવાનુ નિદાન થતા તેને સારવાર માટે શહેરની એસએસજી હોસ્પિટલમા ખસેડાઈ છે. કિડનીમા ઈન્ફેક્શન થયો હોવાનો પ્રથમ કિસ્સો એસએસજીમા નોંધાયો છે. અગાઉ અમદાવાદ ખાતે પણ એક દર્દીને કિડનીમા ઈન્ફેક્શન થયુ હોવાનુ નિદાન થયુ હતુ.

કોરોનામા વધુ પડતા સ્ટિરોઈડના ઉપયોગને કારણે મ્યૂકરમાઈકોસિસ થતો હોવાનુ વિશ્વાસપાત્ર સુત્રોએ જણાવી રહ્યા છે. જેમા આ ફંગલ ઈન્ફેક્શન આંખ, નાક અને મોઢાના ભાગે થતુ હોવાનુ મોટા ભાગે નોંધાયુ છે. તેવામા મધ્ય પ્રદેશની એક મહિલાને કિડનીના ભાગે ફંગલ ઈન્ફેક્શન થતા તેને સારવાર માટે ઈન્દોરની ઘણી હોસ્પિટલોમા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

જ્યાં તેણીને કોઈ ફરક ન જણાતા અંતે તેને શહેરની સયાજી હોસ્પિટલમા ખસેડાઈ હતી. જે જીજીચ્હોસ્પિટલનો કિડની ઈન્ફેક્શન ફેલાયુ હોવાનો પ્રથમ કિસ્સો હોવાનુ જાણવા મળી રહ્યું છે. દર્દીને ૨૭ એપ્રિલથી સારવાર માટે એસએસજીમા ખસેડાઈ છે. શહેરની એસએસજી હોસ્પિટલમા ૪૩૭ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. જેમા ૬૦ દર્દીઓના મોત નીપજ્યા છે, ૧૦૦ દર્દીઓ સ્વસ્થ થતા તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે.

જ્યારે હાલમા ૨૩૦દર્દીઓ સારવાર હેઠળ છે. નાકમા દૂરબીનથી સાયનસના ૬૮૫ જેટલા ઓપરેશન કરવામાં આવ્યા છે. જ્યારે ૯૫ ટકા કેસમા દર્દીના જડબાના ઉપરના ભાગે નુકશાન થયુ હોવાનુ જણાઈ રહ્યુ છે. ફંગસને કારણે ૩૦ દર્દીઓની આંખ દૂર કરવામાં આવી છે. જ્યારે ૩ થી ૪ દર્દીઓની પ્લાસ્ટિક સર્જરી પણ કરવામાં આવી છે. જો કે ફંગલ ઈન્ફેક્શન મગજ સુધી પહોંચ્યુ હોય તેવા ૧૫ દર્દીઓ નોંધાયા હતા અને તેઓને જીવ ન્યુરો સર્જનની મદદથી બચાવી લેવામાં આવ્યા હતા.

કિડનીમા ફંગલ ઈન્ફેક્શનના બહુ રેર કેસ જોવા મળે છે. જરૂરી નથી કે, ફંગલ ઈન્ફેક્શન નાક, મોઢા અને આંખના ભાગે જ ફેલાય. આ ઈન્ફેક્શન કિડનીની બહાર ફેલાતુ નથી. આવા કેસમાં જો વહેલી તકે નિદાન થાય તે ખૂબ જરૂરી છે.

## અકાલી દળ ૯૭ અને બસપા ૨૦ બેઠકો પર ચૂંટણી લડશે

# પંજાબ વિધાનસભા ચૂંટણીમાં અકાલી દળ અને બસપા એકસાથે ચૂંટણી લડશે

ચંડીગઢ,તા.૧૨

પંજાબમાં આવતાં વર્ષે વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને નવું રાજકીય સમીકરણ સામે આવ્યું છે. ૨૦૨૨માં યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી માટે સુખબીર સિંહ બાદલના શિરોમણી અકાલી દળ અને માયાવતીની બહુજન સમાજ પાર્ટીએ ગઠબંધન કર્યું છે. નોંધનીય છે કે, ગઇ ચૂંટણીમાં અકાલી દળ અને ભાજપ વચ્ચે ગઠબંધન હતું.

અકાલી દળના સુખબીર સિંહ બાદલે કહ્યું કે, શિરોમણી અકાલી દળ અને બસપાએ ગઠબંધન કર્યું છે અને ૨૦૨૨માં પંજાબ વિધાનસભા ચૂંટણી એક સાથે લડશે. તેમણે કહ્યું કે, પંજાબની ૧૧૭ બેઠકોમાંથી બહુજન સમાજ પાર્ટી ૨૦ બેઠકો પર અને શિરોમણી અકાલી દળ બાકીની ૯૭ સીટો પર ચૂંટણી લડશે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ગઠબંધનની જાહેરાત કરતાં સુખબીર સિંહ બાદલે આને પંજાબની રાજનીતિનો એક નવો દિવસ ગણાવ્યો. તેમણે કહ્યું કે, આજે ઐતિહાસિક દિવસ છે. પંજાબની રાજનીતિનું મોટું ટર્ન છે. આ દરમિયાન બસપાના જનરલ સેક્રેટરી સતિશ ચંદ્ર મિશ્રા પણ હાજર હતાં.

પંજાબમાં બસપા જે બેઠકો પર ચૂંટણી લડશે તેમાં જલંધર, કરતારપુર સાહિબ, જલંધર-પશ્ચિમ, જલંધર-ઉત્તર, ફગવાડા, હોશિયારપુર અર્બન, દસુયા, રુપનગર જિલ્લામાં ચમકૌર સાહિબ, બસ્સી પઠાના, પઠાનકોટમાં સુઝાનપુર, મોહાલી, અમૃતસર ઉત્તર અને અમૃત્તસર સેન્ટ્રલ સામેલ છે.

અગાઉ અકાલી દળે ભાજપ સાથે ગઠબંધન કર્યું હતું અને બાદલના નેતૃત્વવાળી પાર્ટીએ ગયા વર્ષે કૃષિ કાયદાઓ મુદ્દે એનડીએથી અલગ માર્ગ અપનાવ્યો હતો. અકાલી દળ સાથે ગઠબંધન હેઠળ ભાજપ ૨૩ બેઠકો પર ચૂંટણી લડતી હતી.

# ડ્રાઈવિંગ લાયસન્સના નિયમોમાં ફેરફારઃ આરટીઓમાં ડ્રાઈવિંગ ટેસ્ટ નહિ આપવો પડે

ન્યુ દિલ્હી,તા.૧૨


ડ્રાઈવીંગ લાયસન્સ બનાવવા માટે હવે તમારે કોઈ રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ એટલે કે આરટીઓમાં ડ્રાઈવીંગ ટેસ્ટ આપવાની જરૂર નહી પડે. રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલયે ડ્રાઈવીંગ લાયસન્સ માટે નવા નિયમોને નોટીફાઈ કર્યા છે. જે અનુસાર ડ્રાઈવીંગ લાયસન્સ માટે તમે કોઈપણ માન્યતા પ્રાપ્ત ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલમાં રજીસ્ટ્રેશન કરાવી શકો છો. ત્યાંથી ટ્રેનીંગ પુરી કર્યા બાદ અને એક ટેસ્ટ પાસ કર્યા બાદ તમને ડ્રાઈવીંગ લાયસન્સ જારી કરી દેવામાં આવશે. આ સ્થિતિમાં તમારે કોઈપણ આરટીઓમાં જઈને ડ્રાઈવીંગ ટેસ્ટ આપવાની જરૂર નહિ પડે.

ખાસ વાત એ છે કે ડ્રાઈવીંગ લાઈસન્સ ટ્રેનિંગ અને તેની સાથે ટેસ્ટ સાથે જોડાયેલી તમામ પ્રક્રિયા સંપૂર્ણ રીતે ઈલેકટ્રોનિકલી રેકોર્ડ કરવામાં આવશે. મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યુ હતુ કે આ સમગ્ર પ્રક્રિયા ટેકનિકથી સંચાલીત અને તેમા કોઈપણ પ્રકારથી અન્ય વ્યકિતની જરૂર નહિ પડે. આનો અર્થ એ છે કે હવે ન તો તમારે લાઈસન્સ પહેલા ટેસ્ટ માટે તમારી બાઈક કે કાર લઈ જવુ પડશે કે ન તો મામુલી ભૂલ થાય તો ટેસ્ટ લેનાર અધિકારીઓ પાસેથી નિરાશાજનક શબ્દ સાંભળવો નહિ પડે. અધિકારીના જણાવ્યા પ્રમાણે ડ્રાઈવીંગ સેન્ટરોની માન્યતા એવા સેન્ટરોને આપવામા આવશે જે જગ્યા, ડ્રાઈવીંગ ટ્રેક, આઈટી અને બાયોમેટ્રીક સિસ્ટમ અને નિર્ધારીત સીલેબસ અનુસાર ટ્રેનીંગ સાથે જોડાયેલ જરૂરીયાતોને પૂર્ણ કરશે. એક વખત ટ્રેનીંગ સેન્ટર તરફથી સર્ટીફીકેટ જારી થયા બાદ તે સંબંધીત મોટર વ્હીકલ લાઈસન્સ અધિકારી પાસે પહોંચી જશે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ






ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૬ ગદ્ય રચનાં....
.વિષય : સંતોષ - અસંતોષ. દિવસ - ૫

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક તેમજ એડમિન ટીમ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી, વિભૂતિ બેન દેસાઈ(પ્રતિભાવ એંકર), પ્રદિપ રાવલ, સહયોગી : આરતી મરચંટ, અરૂણાબેન ત્રિવેદી
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

-----------------------------------------------

## NOG SS NO-0103
વિષય-સંતોષ- અસંતોષ
વિભાગ- ગદ્ય
શીર્ષક-દ્વંદ્વયુધ્ધ

"મને પ્રાણથી પણ વધુ પ્રિય નિરાલી..." અજાણ્યા નંબરથી મોબાઇલ પર આવેલ મેસેજમાં આ સંબોધન વાંચી નિરાલી ડઘાઇ ગઇ હતી અને તેણે ગભરાઇને ઝટપટ મોબાઇલ બંધ કરી દીધો હતો.

પતિ નિરવના ઓફિસે ગયા બાદ કુતૂહલ વશ મોબાઇલમાં પાછો મેસેજ ખોલતાં જણાયું કે પોચા રૂ જેવાં શબ્દો સાથે ભીની -ભીની લાગણીથી લથબથ - લથબથ ઇચ્છાઓ હતી. આ વાંચતાં નિરાલીનાં દેહમાં વીજળી દોડી ગઇ હતી.

નિરાલીએ વિચાર્યું કે પતિ નિરવ હંમેશાં ઓફિસનાં કામમાં રચ્યો-પચ્યો રહેતો, પત્નીની સજાવટ તરફ ધ્યાન ન આપતો અને પ્રેમ કરવા માટે રાત્રે પથારીમાં પણ ટાઢોબોળ થઇને ઓછો સમય આપતો હતો.

નાસમજ નિરાલીએ નિર્ણય લીધો કે તે નિકેશનાં મેસેજને જવાબ આપીને આ પ્રેમસંબંધને ગુપ્ત રીતે નિભાવશે અને તેની અધૂરી ઇચ્છાઓ પૂરી કરી જીવન રોમાંચક બનાવશે.

નિકેશને મિસકોલ આપતાં એક ઉત્તેજનાપૂર્ણ, તોફાની પ્રેમસંબંધનો આરંભ થયો હતો જે ટેલિફોનિકથી શરૂ થઇ હોટેલની રૂમ સુધી પહોંચી ગયો હતો.

ધસમસતાં વહેતાં પાણીનાં પ્રવાહની જેમ કોઇ પણ જાતનાં ડર વગર નિરાલી આ વાત નિરવથી ખાનગી રાખી એક મ્યાનમાં બે તલવાર રાખવાં બરાબર પોતાનાં લગ્નેતર પ્રેમસંબંધમાં આગળ વધી રહી હતી . નિરાલીને આ દિવસો સોનવર્ણા લાગી ર□યાં હતાં.તે નિરવ અને નિકેશ બંનેની સાથે રહીને પોતાની રાતોંને રંગીન કરતી રહી.

કાળનું ફરવું ને બે વર્ષ બાદ નિરવને આ પ્રેમસંબંધની જાણ થતાં
નિરવે કહ્યું: "તે મારો દ્રોહ કર્યો છે. હવે એક દિવસ પણ સાથે રહી શકું તેમ નથી".
સહી કરવા માટે હાથમાં ડીવોર્સ
પેપર્સ જ આપી દીધાં..ક્ષણવારમાં જ તેનો સંસાર તૂટી જતાં નિરાલી અંદરથી ધ્રૂજી ગઇ હતી.

બદનામીથી બચવાં નિરાલીએ શાંતિથી સહી કરી આપી અને પોતાનાં સામાન સાથે નિકેશનાં ઘરે પહોંચી ગઇ હતી.

નિકેશે જ્યારે જાણ્યું કે નિરાલી બધું છોડી કાયમ માટે આવી છે તો કઠોર થઇ ઉશ્કેરાઇને કહેવા લાગ્યોં : " સોરી, ડાર્લિંગ ! આપણો સંબંધ તો ફક્ત પ્રેમપ્રલાપ હતો. સ્ત્રીનાં સેક્સનું મહત્વ મારે મન રંગીન જીવન માટેનાં સાધનથી વિશેષ કાંઈ નથી."

નિરવ સાથેનું સંતુષ્ટ જીવન પ્રલોભનની માંગથી ભોગપ્રાપ્રિનાં કારણે તે સંતોષ કાયમ ન રહેતાં તેનામાં રહેલી તૃષ્ણાથી આ પરિસ્થિતિ આવી હતી.

આજે સંતોષ- અસંતોષનાં દ્વંદ્વયુધ્ધમાં નિરાલી પતિતા બની લાચારીપૂર્ણ જીવન ગુજારી રહી હતી.

નિલમ દોશી, મુંબઈ

-----------------------------------------------

## NOG SS NO. - 0034
વિષય : સંતોષ-અસંતોષ
વિભાગ : ગદ્ય ( લેખ)
શીર્ષક : સંતોષી નર સદા સુખી

'સંતોષી નર સદા સુખી' એ કહેવત બાળપણ થી સાંભળતાં આવ્યાં છીએ, પરંતુ સમજાય છે મોડી. બાળપણ રમતમાં વીતે છે, યુવાની ચાર દિન કી ચાંદનીની જેમ ખીલે છે અને મુરઝાઈ જાય છે. પ્રૌઢાવસ્થા સુધીમાં જીવનનાં સારાં- નરસાં અનુભવોનું ભાથું આપણી સાથે બંધાઈ જાય છે. ભૌતિક સુખની આંધળી દોટમાં આપણે સાચાં સુખનો સ્વાદ પણ નથી માણી શકતાં. કાયમ અસંતોષમાં રહીને જે મળ્યું છે એ પણ માણવાનું રહી જાય છે. વધુ નામ, કિર્તી અને પૈસા મેળવવાની લાલસામાં મનુષ્ય ની હાલત ધોબીના કૂતરાં જેવી થાય છે. આપણાં વડવાઓએ કહેલી કહેવતોમાં એમનાં અનુભવોનો નિચોડ હોય છે.

અહીં બે પાડોશીની વાર્તા યાદ આવે છે. એક પડોશી ઉપર ભગવાન પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું. સાથે એક શર્ત રાખે છે કે, " તને જેટલું મળશે, એનાથી બમણું તારા પડોશીને મળશે. તે વ્યક્તિએ પ્રથમ તો ગાડી, બંગલો, પૈસા બધું માગ્યું. પડોશીને બધું બમણું મળ્યું. અસંતોષી વ્યક્તિ હવે એવું માંગે છે કે," તેની એક આંખ ફૂટી જાય. શર્ત મુજબ પડોશીની બંને આંખો ફૂટી જાય છે.ત્યારબાદ હાથ, પગ એમ અલગ-અલગ અંગોની વાત કરે છે. આ છે માનવમનનો અસંતોષ! અતૃપ્તિ! તેથી જ મનુષ્ય દુ:ખી થાય છે.

આમ જોઈએ તો સંતોષ- અસંતોષ માનવમનની ઉપજ જ છે. મનનું ગમતું થાય તો સંતોષ નહીં તો અસંતોષ! " આપણી ઈચ્છાઓની તૃપ્તિ જ નથી થતી. હંમેશા વધુ ને વધુ મેળવવાની લાલસાને કારણે જ અસંતોષનો વીંછી ડંખ મારતો રહે છે. એક સુંદર વાક્ય જોઈએ, " ગમે તેટલી નદીઓનાં સ્વીકાર પછી પણ સાગર અતૃપ્ત જ રહે છે. ટનબંધ લાકડાંઓનાં ભક્ષ્ય પછી પણ અગ્નિ અતૃપ્ત જ રહે છે. અમાપ વિષયોના સેવન પછીય ઈન્દ્રિયો અતૃપ્ત જ રહે છે."

એવી જ રીતે માનવને તૃપ્તિનો ઓડકાર આવતો જ નથી. તેથી જ સંતોષ-અસંતોષનું દ્વંદ્વ ચાલુ જ રહે છે. માણસને અંતે શું જોઈએ? માત્ર છ ફૂટ જમીન! એ સમજાઈ જાયને તો ખરેખર આ દ્વિધાનો અંત આવે!

"સંતોષની લાગણી મનમાં થશે જે'દિ,
સાચું સ્વર્ગ પૃથ્વી પર લાગશે તે'દિ,
વ્યર્થ દોડવું શાને મૃગજળ પાછળ,
તૃપ્ત હશે મન, અસંતોષ ભાગશે તે'દિ."

--ડો. રેખા શાહ

"મોતી વેરાણા ચોકમાં"
આચાર્ય શ્રી વિજયરત્ન સુંદરસૂરિ

-----------------------------------------------

## NOG SS No ; 005
વિષય - સંતોષ-અસંતોષ
વિભાગ ગદ્ય
સંતોષ

"હજી ઉપર કર. ક્યાં ગયું તારાં હાથમાંથી જોર." ગેલેરીમાં સંતાઈને આ દ્રશ્ય જોતાં સંકેત દ્રવી ઊઠ્યો.

સોસાયટીના એક માજીએ ઘરમાં જ કોરોનાને કારણે શ્વાસ છોડ્યો હતો. તેમને અંતિમધામે પહોંચાડવા શબવાહિની કે એમ્બ્યુલન્સનો ગામમાં દુકાળ હતો એટલે ભાડૂતી ટેમ્પો બોલાવવામાં આવ્યો હતો. સોસાયટીમાં તો ગ્રહણ લાગી ગયું હોય તેમ બધાં ઘરનાં દરવાજા બંધ હતાં.

પીપીઈ કીટ પહેરીને વહુ-દીકરો જેમતેમ કરીને માજીનાં શરીરને ટેમ્પામાં મૂકવાની કોશિશ કરતાં હતાં.

જે માએ દિકરાને હાથમાં ફૂલની જેમ સાચવ્યો તે માનું શરીર દીકરાથી ન ઝલાતા જમીન પર પટકાયું. "બા..." દીકરાની પોક આખી સોસાયટીમાં ફરી વળી. સંકેતને આંખ સામે આખું બ્રહ્માંડ હલતું દેખાયું. તેણે દોડતા જઈ માજીનાં શરીરને ઊંચકીને ટેમ્પામાં મૂક્યું.

કંઈક કર્યાનો સંતોષ અનુભવતાં સંકેતના હાથ વહુ-દીકરા સામે નમ્રતાથી? જોડાયાં.

વંદના વાણી

-----------------------------------------------

## NOG SS No : 00 19
વિષય..સંતોષ / અસંતોષ
વિભાગ...ગદ્ય
શીર્ષક.. પરમ સંતોષ

મનુભાઈ બે રૂમ રસોડાવાળાં મકાનમાં રહેતાં હતાં. લીલાબેન.. એમનાં પત્ની, બહુ મહત્વાકાંક્ષી. રોજ મનુભાઇને સંભળાવ્યાં કરે..કે" તમને બે પૈસા કમાતા જ નથી આવડતું. આ બાજુવાળા વિસાણી ભાઈએ કેવો બંગલો બનાવી નાંખ્યો? ગાડી લઈ લીધી. તમે હજુ ત્યાંના ત્યાં જ છો."

મનુભાઈ જવાબમાં કશું બોલતાં નહીં. એમને પોતાની જીવનશૈલીથી સંતોષ હતો. એ કદી બીજાનું જોઇને સડસડાટ આગળ વધવામાં માનતાં નહોતાં. પરિશ્રમથી જે મળે એનો સંતોષ. સ્ત્રી સહજ સ્વભાવ હોય એટલે લીલાબેન બડબડાટ કર્યા કરે. આમને આમ જીવન ચાલ્યું જતું. એકવખત સવારમાં જ બે..ત્રણ ગાડીઓ વિસાણીભાઈનાં બંગલામાં આવી ગોઠવાઈ ગઈ. અને બંગલો સીલ કરી દીધો. આઠ કલાકની કડક પૂછપરછ બાદ એમનાં બે નંબરી ધંધાની પોલ ખૂલતી ગઈ. ધરપકડ બાદ કોર્ટમાં કેસ ચાલ્યો. સાત વર્ષની સજા થઇ. બધી જાહોજલાલી જાણે મૃગજળ થઈ ગઈ. મનુભાઇએ લીલાબેનને કહ્યું,"જો, આ અસંતોષનું પરિણામ. કદી ખોટાં રસ્તે ચાલવું નહીં. જે છે એમાં સંતોષ માની સુખી રહેવું."

લીલાબેનને પણ સાચી વાત સમજવામાં આવી. અને પરમ સંતોષ થયો.

કલ્પનાબેન ત્રિવેદી, સુરેન્દ્રનગર

-----------------------------------------------

## NOG SS NO.0031
વિષય:-સંતોષ/અસંતોષ
વિભાગ:-ગદ્ય
પ્રકાર:-ટૂંકી વાર્તા
શીર્ષક:- ભાણું

રાતનું વાસી જમવાનું શેઠાણીએ પોતાને ત્યાં કામ કરતી મંગુને ટિફીનમાં ભરી આપ્યું.મંગુ તેથી રાજી થઇ ગઇ.મા ને જમવાનું લાવેલ જોઇ તેનાં બાળકો પણ રાજી થઇ ગયા.માએ પિરસેલ વાસી ભાણું પણ? બાળકો ખૂબ આનંદ અને સંતોષથી જમ્યા?.

બીજી તરફ શેઠાણીએ પોતાનાં દીકરા માટે ?દીકરાને ભાવતી અવનવી વાનગી જમવામાં બનાવી હતી.દીકરો જ્યારે જમવા બેઠો ત્યારે શેઠાણીએ ?ગરમા ગરમ વાનગીઓ થાળીમાં પિરસી.દીકરાને જમતો જોઇ શેઠાણીએ પૂછ્યું,"બેટા, જમવાનું ભાવે છે ને? બધું તારું મનપસંદ બનાવ્યું છે." આ સાંભળી દીકરો બોલ્યો," શું મનપસંદ જમવાનું તે કોથમીરની ચટણી તો બનાવી જ નથી."

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

-----------------------------------------------

## NOG SS No-0042
વિષય-'સંતોષ-અસંતોષ'
વિભાગ-ગદ્ય
પ્રકાર-લઘુકથા
શીર્ષક-વહુ બની દીકરી

સુધાબેન તેનાં એકને એક દીકરા સમીરના લગ્ન તેની સાથે કામ કરતી સીમા સાથે કરાવ્યા તો ખરા પણ, મનમાં એક ડર હતો કે, પૈસાદાર ઘરની દીકરી અને કેરિયર ઓરિયન્ટેડ, અમારા ઘરમાં સેટ થશે! ભવિષ્યમાં કંઈ થયું તો જવાબદારી ઉપાડી શકશે?

રંગે-ચંગે લગ્ન પતાવી સમીર અને સીમા પોતાનાં કામ પર પૂર્વવત્ ગોઠવાવા લાગ્યા.

"મમ્મીજી, સાંજે રસોઈમાં શું બનાવીશું! મને એટલી સારી રસોઈ બનાવતા નથી આવડતું, શીખવશો?"
"હા બેટા, ચોક્કસ એક કરતા બે ભલા."

રોજ સાંજની રસોઈ બનાવતા ધીરે ધીરે સીમા, સુધાબેનના હાથ નીચે તૈયાર થવા લાગી સાસુ-વહુનો મનમેળ મિત્રતામાં પરિણમ્યો.

એક સાંજે અચાનક ઘરમાં ચાલતા સુધાબેનનો પગ સ્લીપ થયો અને તે પડી ગયા. સીમા દોડતી આવી, "મમ્મીજી, તમે ગભરાવ નહીં હું તમને ડોક્ટર પાસે લઈ જઉં છું."

થોડીવાર રહી ડોક્ટરે પગમાં ક્રેક હોવાને લીધે દોઢ મહિનાનું પ્લાસ્ટર આવવાનું જણાવ્યું. સજળ નેત્રે સુધાબેન બોલ્યા,"સીમા તું કઈ રીતે મેનેજ કરીશ! ઓફિસ, ઘર અને મારી સેવા."

"બસ, આટલી નાની વાત! ઓફિસમાંથી મેં રજા લઈ લીધી છે, બધું થઈ જશે, ડોન્ટ વરી."

'દુઃખનું ઓસડ દાડા' એ ન્યાયે દોઢ મહિનો ક્યાં વીતી ગયો તેની ખબર પણ ન પડી! સમયસર દવાથી માંડીને દરેક કાર્ય ખૂબ કાળજીપૂર્વક સીમાએ કરતા સાસુ-વહુનો મિત્રતાનો સંબંધ માં-દીકરીનાં સંબંધમાં પરિણમ્યો.

સુધાબેને સીમાના મમ્મીને ફોન પર વાત કરતાં કહ્યું, "જયાબેન, આજે એક સાચી વાત કહું !હું દીવો લઈને શોધવા જઉં તોય મને સીમા જેવી દીકરી ના મળે! સમજું અને પ્રેમાળ. સમીરના લગ્ન વખતનો ડર જાણે સુખના સંતોષમાં પરિણમ્યો. હવે કદાચ મને મૃત્યુ પણ આવે તો!" આટલું બોલતાં ગળે ડૂમો બાઝી ગયો અને ફોન મુકાઈ ગયો.

સુધાબેનને રડતાં જોઈ વ્હાલ કરતા સીમાબોલી "ખબરદાર જો મરવાનું બોલ્યા છો તો! એવી વાત મને નહીં ગમે હાં." દિવાલ પર સમીરના પપ્પાના ફોટા પર ચડાવેલો સુખડનો હાર જાણે સંતોષની લહેરખી સાથે ઉડવા લાગ્યો.

પૂજા(અલકા)કાનાણી

## ૧૪મી જુને વિશ્વ રક્તદાતા દિન. રક્તદાન– જીવનદાન
# કોરાના બીમારીને લઈને રક્તદાન પ્રવૃતિ પર ખૂબ અસર પડી છે.રક્તદાતાઓ રક્તદાન કરી દર્દીઓનાં જીવન બચાવે




પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રક્તની જરૂરીયાત ઉભી થઈ છે. જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રક્તદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની હોસ્પિટલોમાં, સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો સારવાર માટે આવે છે. હાલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. ૧૮ થી ૪૫ વર્ષની વય જુથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચુક રકતદાન કરે (રસી મુકાવ્યાના ૧૫ દિવસ પછી રક્તદાતા રક્તદાન કરી શકે)

વિશ્વભરના દેશો દરવર્ષે ૧૪મી જૂનનો દિવસ ×વિશ્વ રક્તદાતા દિવસ× તરીકે મનાવે છે. આ દિવસે અનેક કાર્યક્રમો દ્વારા સલામત રકત અને રકત ઉત્પાદનો પ્રત્યે જાગૃતી લાવવામાં આવે છે અને અન્યોના જીવન બચાવવા માટે સ્વૈચ્છિક રક્તદાન કરનાર રકતદાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવે છે. સમયસર સલામત રક્ત અને રકત ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવા મુદ્દે વધુ જાગૃતી પેદા કરાવવામાં તમામ દેશા માટે આવશ્યક છે. વિશ્વના અનેક દેશોમાં સલામત અને પુરતા પ્રમાણમાં રકત ઉપલબ્ધ નથી હોતું તે મોટો પડકાર છે અને યોગ્ય તથા સલામત પધ્ધતિથી રકત અને રકત ઉત્પાદનો ચડાવવામાં પણ આવતા નથી હોતા. ઉંમર ૧૮ થી ૬૦ વર્ષના કોઈ પણ વ્યક્તિ કે જેનુ વજન ૪૫ કિલો કે તેથી વધુ તેમજ હિમોગ્લોબિન ૧૨.૫ ગામ કે તેથી વધુ હોય તે દર્દી નારાયણ, દરીદ્ર નારાયણ, થેલેસેમીયા પીડીત બાળકોનુ જીવન બચાવવા સ્વૈચ્છિક રકતદાન કરી શકે છે. રક્તદાન કરનાર રકતદાતાઓ પોતાના બ્લડ ગૃપ જાણી શકે છે તેમજ એઈડઝ, 'બી' પ્રકારનો કમળો, વી.ડી.આર.એલ., 'સી' પ્રકારનો કમળો, મેલેરીયા વગેરે પ્રકારના ટેસ્ટ વિનામૂલ્યે થઈ જાય છે. સ્વૈચ્છિક રકતદાન એ ઉમદા માનવ ધર્મ છે અને સ્વૈચ્છિક રકતદાન કરવાથી અનેરો આત્મસંતોષ પ્રાપ્ત થાય છે. રકતદાન કરનાર સ્ત્રીઓ માસિક ધર્મમાં ન હોવી જોઈએ. રકતદાતાઓ ને કોઈ રોગની દવાઓ ચાલતી ન હોવી જોઈએ. મેલેરીયા, ન્યુમોનીયા અથવા તાવના દર્દીઓએ થોડા સમય રકતદાન કરવું હિતાવહ નથી. સામાન્ય સંજોગોમાં એકવાર રકતદાન કર્યા પછી ત્રણ માસ સુધી ફરી રક્તદાન કરવું જોઈએ નહિં.સામાન્ય પણે ત્રણ મહિને એક વખત કરવામાં આવતા રકતદાન સમયે ૩૦૦ થી ૪૫૦ મિલિનો જથ્થો લેવામાં આવે છે.

રક્તદાન વેળા લેવાયેલો રક્તનો જથ્થો માત્ર ૪૮ કલાકમાં શરીરમાં પુનઃનીર્માણ પામે છે, જયારે રક્તકોશિકા ૨૧ દિવસમાંજ તૈયાર થઈ જાય છે. જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાતા કોઈ રક્તની જરૂરીયાતવાળા દર્દીઓ માટે તેમને જીવનદાન બક્ષવા માટે આપણે સૌએ સ્વૈચ્છાએ કરવુ જોઈએ. રકતદાન આજન તમારૂ રક્તદાન કોઈકના જીવનદાન માટે, કદાચ કાલે તમને અને તમારા સ્નેહી સંબંધી ને પણ તેની જરૂર નહિ પડે તેની શી ખાતરી ? રકતદાન એ નવા જમાનાની નવી જવાબદારી છે, આપણે સૌએ સ્વૈચ્છાએ સ્વીકારેલો સામાજીક વેરો છે. રકતદાન કરવાથી કોઈ માડીનો જાયો, કોઈ બહેનનો વીર, કોઈના સેંથીનું સીદુર, ભાઈ–બહેન, કોઈના વડીલ માતા–પિતા કે પછી થેલેસેમીયા પીડીત બાળકોની જીવનદોરી અવશ્ય બચી શકે છે. કોરાના બીમારીને લઈને રકતદાતા પ્રવૃતિ પર ખૂબ અસર પડી છે. રકતદાતાઓ રક્તદાન કરી દર્દીઓનાં જીવન બચાવે. રકતદાન– જીવનદાન.

સંકલન : અનુપમ દોશી (૯૪૨૮૨ ૩૩૭૯૬) –મિતલ ખેતાણી(૯૮૨૪૨ ૨૧૯૯૯)

# રાજપીપલા સંતોષ ચોકડી નજીકજાહેરમાં મારાંમારી કરતા એક ની ધરપકડ, એક ફરાર

રાજપીપલા, તા ૧૧

રાજપીપલા સંતોષ ચોકડી નજીક જાહેરમાં મારામારી કરી લોકોની શાંતિ નો ભંગ કરતા આ ગુનામાં રાજપીપલા પોલીસે એક ની ધરપકડ કરી છે. જયારે એક ફરારથઈ જતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં પીએસઆઈ આઇ.આર.દેસાઇ રાજપીપલા એ જાતે ફરીયાદી બનીને આરોપીઓ (૧) યોગેશભાઇ ભરતભાઈ વસાવા (રહે- ટેકરાફળીયા રાજપીપલા તા-નાંદોદ) તથા (૨) સંજયભાઇ જોગી રહે-રાજપીપલા તા.નાંદોદ સામે ફરિયાદ નોંધી છે.

ફરિયાદ ની વિગત અનુસાર આરોપી (૧) યોગેશભાઇ ભરતભાઇ વસાવા તથા બીજાઇસમ સંજયભાઇ જોગીએ રાજપીપલા સંતોષ ચોકડી નજીક જાહેર જગ્યાએ અન્ય લોકોની શાંતિમાં ખલેલ પહોચે તે રીતે જાહેરમાં એકબીજાના સાથે મારામારી કરી બખેડો કરતા એક ઈસમ પકડાયેલ ગયેલ અને બીજો ઈસમ નાસી જતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ગરૂડેશ્વર તાલુકાના બીલથાણા ગામેથી સગીર કન્યાનું અપહરણ

રાજપીપલા, તા ૧૨

ગરૂડેશ્વર તાલુકાના બીલથાણા ગામેથી સગીર કન્યાનુંલગ્નની લાલચે અપહરણ કરતા આરોપી સામે પોલીસ ફરિયાદ થઈ છે.

જેમાં ફરીયાદીએઆરોપી અક્ષયભાઈ જમનાદાસ ભીલ (રહે બીલથાણા તા.ગરૂડેશ્વરજી.નર્મદા)સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીની સગીર વયની દિકરીને આરોપી અક્ષયભાઈ જમનાદાસ ભીલ (રહે,બીલથાણાતા.ગરૂડેશ્વરજી.નર્મદા)એ તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યાના સુમારે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી જઈ ગુનો કરતા ગરુડેશ્વર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નર્મદા પોલીસ વડાએ પીએસઆઇ નો બદલીનો ગંજીપો ચિપ્યો

રાજપીપલા, તા ૧૨

નર્મદાજિલ્લા પોલીસ વડાએ પીએસઆઈનો બદલીનો ગંજીપો ચિપ્યો છે. જેમાં નર્મદાના પાંચ પીએસઆઇ ની જાહેર હિતમાં આંતરિક બદલીકરી છે. જેમાં ૧) એ ઐસ.વસાવા પો.સ.ઇ, ગરૂડેશ્વર ની બદલી આમલેથા પોલીસ મથકે પીએસઆઈ તરીકે, ૨) ઐસ.ડી. પટેલ પો.સ.ઈ. આમલેથાને . કેવડીયા ટ્રાફીકપોલીસ મથકે તથા ૩) બી એમ ખાઈ શેખો, સ, ઈ, કેવડીયા ટ્રાફીક પોલીસ મથકે થી ગરુડેશ્વર પોલીસ મથકે તથા ૪) એ આર ડામોર પીએસઆઇ ડેડીયાપાડાની બદલી પો.સ.ઇ, કેવડીયાટ્રાફિક પોલીસ મથકે બદલી કરવામાં આવી છે.જયારે ૫)સુ. શ્રી ઐય વી.તડવી પો.સ.ઈની બદલીફસ્ટ પો.સ.ઈતરીકે ડેડીયાપાડાપોલીસ મથકે બદલી કરવામાં આવી છે. :જયોતિ જગતાપ, રાજપીપલા

# અરવલ્લી ખાણખનીજ વિભાગ:ગેરકાયદેસર ખનીજનું ખનન-વહન કરતા ૧ હિટાચી,૧ જેસીબી,૭ ડમ્પર મળી ૨.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની ટીમ દ્વારા છેલ્લા બે દિવસમાં ગેરકાયદેસર ખનિજ ખોદકામ ખનન- વહન બદલ ૦૧ હિટાચી, ૦૧ જેસીબી મશીન અને ૦૭ ડમ્પરો સહિત અંદાજે ૨.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જીલ્લામાં ગેરકાયદેસર ખનીજનું વહન અને ખનન કરતા ભૂ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે જો કે ખાણખનીજ વિભાગની કામગીરી ફક્ત ખાનપુરતી કરવામાં આવતી હોવાનું પર્યાવરણવિદ માની રહ્યા છે. અરવલ્લી જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની ટીમ દ્વારા કડોલ-જીતપુર હાઈવે પાસે ગેરકાયદેસર મુરમ ખનિજના ખોદકામ બદલ ૦૧ જેસીબી જપ્ત કરી દંડકીય રકમ વસુલાત કરવા કાર્યવાહી હાથ ધરી જ્યારે બીજી બાજુ લિંભોઈ કંપા ની ખાનગી માલિકેની જમીનમાંથી ગ્રેનાઈટ રબલ ખનિજ ખોદી અન્ય જગ્યાએ પુરાણ કરતા હોવાની ફરિયાદ આધારે ૦૧ હીટાચી સ્થળ પરથી ખોદકામ બદલ જપ્ત કરવામાં આવેલ ૨ ડમ્પર રાજેન્દ્ર નગર ચોકડી પાસેથી ગેરકાયદેસર રીતે ખનિજ વહન અંગે જપ્ત કરેલ છે જ્યારે ૦૫ ડમ્પર લીંભોઈ ના ખેતરમાંથી વગર પરવાનગી એ સાદીમાટી ખનિજ વહન કરવાના બદઈરાના કારણે સ્થળ પરથી જ અટક કરી જપ્ત કરેલ છે. હાલમાં પૂર્ણ થયેલ જળસંચય યોજના ના કારણે અધૂરા રહેલા કામો પૂર્ણ કરવાની લાલસામાં ગેરરીતિ તરફ વળેલા ઈસમો સામે તંત્રએ લાલઆંખ કરી ખનિજ ખોદકામ વહન માં કોઈ પણ પ્રકારની ગેરરીતિ શાંખી લેવામાં નહી આવે તેવો સ્પષ્ટ સંદેશ આપેલ છે

# નાંદોદ તાલુકામાં ૧૮ થી ૪૪ ની વયજુથના યુવાનો-નાગરિકો દ્વારા કરાયેલું ઉત્સાહભેર વેકસીન




રાજપીપલા,તા ૧૨

વૈશ્વિક કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કોરોના સંક્રમણને અટકાવવા માટે કોવિડ-૧૯ વેક્સીનની રસી જ એક અમોધ શસ્ત્ર છે. જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના નેતૃત્વ હેઠળ શહેરી અને ગ્રામ્યકક્ષાએ વેક્સીનેશનને વધુ વેગવાન બનાવવા માટે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ૧૮ થી ૪૪ ની વયજુથના તમામ લોકોને વેકસીન મળી રહે તે માટે આજે રાજપીપલાની આયુર્વેદિક હોસ્પિટલ, અર્બન હેલ્થ સેન્ટર, સિસોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગરૂડેશ્વરની સબ-ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, જેતપુર, બુજેઠા, ગોપાલીયા, સગાઇ, કોલવાણ અને પાટલામઉ કેન્દ્રો ખાતે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરીને ૧૮ થી ૪૪ ની વયજુથના તમામ લોકોને કોવિડ-૧૯ વેકસીનની રસી આપવાની કામગીરી ચાલી રહી છે. જેમાં તા. ૧૧ મી જૂન, ૨૦૨૧ ના રોજ બપોરે ૨:૦૦ કલાક સુધીમાં ૩૬૧ જેટલાં લોકોએ કોરોના વેકસીનેશનનો લાભ લીધો છે. તેની સાથોસાથ આજ દિન સુધી જિલ્લામાં ૧૮ થી ૪૪ ની વયજુથના ૮૭૪૫ લોકોને રસી આપવામાં આવી છે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. વિપુલ ગામીતે જણાવ્યું હતું કે, હાલમાં ૧૮ થી ૪૪ ની વયજુથના તમામ લોકોને કોવિડ-૧૯ ની વેકસીન આપવાનની કામગીરી ચાલી રહી છે, જેમાં જિલ્લાની વિવિધ ૧૦ જેટલી સેશનસાઇટ નક્કી કરવામાં આવી છે. તેની સાથોસાથ પાંચેય તાલુકામાં દરેક તાલુકાની મળતી જરૂરિયાત પ્રમાણે વેકસીનેશન સેન્ટર ઉભા કરતા હોઇએ છીએ. જેમાં બધા જ વિસ્તાર આવરી લેવાય તે રીતનું આયોજન કરવામાં આવે છે. ૧૮ થી ૪૪ ની વયજુથના ૧૪ હજારની સામે ૮૭૪૫ લોકોએ વેકસીન લઇ લીધી છે. નર્મદા જિલ્લાએ આજદિન સુધી ૬૨ ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, જિલ્લામાં નાંદોદ તાલુકામાં ૧૮ થી ૪૪ ની વયજુથના યુવાનો-નાગરિકોએ ઉત્સાહભર્યુ વેકસીન કર્યુ છે. જ્યારે દેડીયાપાડા અને સાગબારા તાલુકાના યુવાનોમાં પણ વેક્સિન લેવા માટેનો ઉત્સાહ વધે તેવા પ્રયાસો જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા થઇ રહ્યાં છે અને તેમને રજીસ્ટ્રેશન કરવાની કોઇ તકલીફ ન પડે તે માટે વેકસીનેશન સેન્ટર પર જ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

શ્રી ડૉ. ગામીતે વધુમાં કહ્યું હતું કે, જે લોકોને ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં તકલીફ પડતી હોય તો તેવા લોકોએ પોતાનો મોબાઇલ લઇને આપના નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા સબ સેન્ટર પર આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે. કોરોનાની ત્રીજી લહેર સામે ટકવા વેક્સીન એ જ એક માત્ર ઉપાય છે. વેક્સીનથી ગભરાવવાની કોઇ જ જરૂર નથી. ૧૮ થી ૪૪ ની વયજુથના તમામ લોકોને વેકસીન લેવા માટે આગળ આવવાં અને વેક્સીન લીધા બાદ બીજાને પણ વેકસીન લેવા પ્રોત્સાહન પુરુ પાડવું જોઇએ.

રાજપીપલાનાન અર્બન હેલ્થ ખાતે કોવિડ-૧૯ ની રસીનો પ્રથમ ડોઝ લેતા ૨૨ વર્ષીય શ્રી કલ્પેશભાઇ વસાવાએ કહયુ કે, મારી પાસે મોબાઇલ ફોન છે પરંતુ મને રજીસ્ટ્રેશન કરતાં આવડતું નહોતું. તેથી હું અર્બન હેલ્થ સેન્ટર ખાતે આવ્યો એટલે આરોગ્યતંત્રની ટીમ થકી સ્થળ પર જ રજીસ્ટ્રેશન થઇ ગયુ અને કોવિડ-૧૯ વેકસીન રસીનો પ્રથમ ડોઝ મે લીધો છે.

શહેરાવ ગામના ભીલવાડા વિસ્તારમાં આવેલા મહાદેવ મંદિર ખાતે વેકસીનનો પ્રથમ ડોઝ લેતા ૧૯ વર્ષીય સુશ્રી દિપીકાબેન ડોડીયાએ કહયુ હતું કે, મારી પાસે મોબાઇલ ફોન છે પરંતુ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં મને તકલીફ પડી રહી હતી. પરંતુ શહેરાવ ગામે જ આરોગ્યતંત્રની ટીમ થકી જ મારું રજીસ્ટ્રેશન કરી દેવામાં આવ્યું. કોવિડ-૧૯ વેકસીનનો પ્રથમ ડોઝ મે લીધો છે. રસી લીધા બાદ મને કોઇ પણ તકલીફ પડી ન હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## કોરોના કાળમાં આપણે સૌ ઓક્સિજનની કિંમત સમજ્યાઃ નાયબ મુખ્યમંત્રી શ્રી

# માણસાની જનરલ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ અને ૧૨૫ કેવી એડીજીસેટનું નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરાયું

ગાંધીનગર

કોરોનાકાળમાં આપણે સૌ ઓક્સિજનની કિંમત સમજયા છીએ. તેવું આજરોજ માણસા ખાતે જનરલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરાવતાં રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જયારે કોરોના ન હતો, ત્યારે રાજયમાં ૧૫૦ થી ૨૦૦ ટન ઓક્સિજનની વપરાશ હતી. કોરોનાની પ્રથમ લહેર વખતે આ જરૂરિયાત ૬૦૦ ટન સુધી પહોંચી ગઇ હતી. તે સમયે રાજય સરકારના સુચારું આયોજન થકી અછત માલૂમ પડી ન હતી. પરંતુ કોરોનાની બીજી ભયાનક લહેરમાં આ જરૂરિયાત બમણી એટલે કે ૧૨૫૦ ટન જેટલી થઇ જતાં ઓક્સિજનની અછતનો માહોલ ઉભો થયો હતો.

ઓક્સિજનના કારણે રાજયની કોઇપણ હોસ્પિટલમાં દર્દીનું મૃત્યૃ થયું નથી, તેવું જણાવી તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારના સહયોગથી આપણે બીજી લહેરમાં ઓક્સિજનની જરૂરિયાતને સુચારું આયોજન કરી પહોંચી વળ્યા હતા. કોઇપણ દર્દી ઓક્સિજનના કારણે મૃત્યૃ ન પામે તે માટે એમ્બ્યુલન્સમાં દર્દીને રાખીને ઓક્સિજન આપવામાં આવ્યો છે.

કોરોનાની ત્રીજી લહેર ન આવે, તેવી પ્રભુને પ્રાર્થના કરી તેમણે કહ્યું હતું કે, ગુજરાત રાજયના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેનદ્રભાઇ મોદીની પી.એમ ફંડ માંથી આજે રાજયની હોસ્પિટલોમાં ઓક્સિજન પ્લાન્ટ ઉભા કરવામાં આવી રહ્યા છે, તો અનેક હોસ્પિટલમાં આ પ્લાન્ટ કાર્યરત પણ થઇ ગયા છે.

વતન પ્રેમની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, દેશના ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ, માણસાના વતની છે, તેઓ માણસાના વિકાસ કામોની હમેંશા ચિંતા કરે છે, તેની વિસ્તૃત વાત કરી હતી. તેમણે માણસાની જનરલ હોસ્પિટલમાં ઓસ્ટ્રેલિયામાં રહેતા અને માણસાના નવયુવાનોએ અર્પણ કરેલ ૧૨૫ કેવીએ ડીજી સેટ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

રાજય સરકાર નાણાંની ફાળવણી કરે છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે આરોગ્ય ક્ષેત્રે કોરોના કાળમાં ડૉકટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ અને અન્ય આરોગ્ય ક્ષેત્રના કર્મીઓ સાથે સાથે પોલીસ જવાનોએ એકપણ દિવસ રજા લીધા વગર સતત કામ કર્યું છે, તે બદલ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા. આજરોજ રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલના હસ્તે રૂપિયા ૩૫ લાખનું દાન કરનાર શ્રી માતા વૈષ્ણાદેવી તીર્થધામ, અમદાવાદના સહયોગ નિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. આ પ્લાન્ટ થકી હોસ્પિટલમાં ૬૦ દર્દીઓને ઓક્સિજન જરૂરિયાત સંતોષી શકાશે. તેમજ લાઇટ જાય તો રૂપિયા ૧૧ લાખના ખર્ચે ઓસ્ટ્રેલિયામાં રહેતા અને માણસાના નવયુવાનોએ અર્પણ કરેલ જનરેટર સેટનું અને નવનિર્મિત આઠ ડાયાલિસીસ બેડ સેન્ટરનું પણ તેમના હસ્તે લોકાર્પણ કર્યું હતું. નાયબ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે દાતાઓનું સન્માન



પણ કરવામાં આવ્યું હતું. રાજયના નાયબ મુખ્ય મંત્રીશ્રીએ સમગ્ર હોસ્પિટલમાં ફરીને જાત નિરીક્ષણ કર્યું હતું. તેમજ માણસાના હોદ્દેદારો અને સિવીલ હોસ્પિટલના સ્ટાફ સાથે વાતચીત કરી હતી.

આ પ્રસંગે માણસા જનરલ હોસ્પિટલના અધિક્ષક શ્રી ર્ડા કાનન શુકલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ કાર્યક્રમના અંતે આર.એમ.ઓ. શ્રી ડી.એફ.પરમારે આભારવિધી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મહેસાણાના સાસંદ શ્રીમતી શારદાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી સુરેશભાઇ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ, જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, માણસાના પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઇ ચૌધરી, કિડની હોસ્પિટલના અમદાવાદના ડાયરેકટર શ્રી વિનીત મિશ્રા, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમના પૂર્વ ચેરમેન શ્રી ડી.ડી.પટેલ સહિત દાતાઓ અને હોસ્પિટલનો સ્ટાફ પરિવાર અને માણસાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા : મુખ્ય બજારમાં અડધો કલાક સુધી ખૂંટીયાઓ વચ્ચે જંગ જામ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ખૂંટીયાઓના ત્રાસથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જાહેર રસ્તા તેમજ બજારોમાં બન્ને ખૂંટીયા વચ્ચે જંગ છેડાતા હોવાના બનાવો રોજીંદા બની ગયા છે. ત્યારે આ બન્ને ખૂંટીયા વચ્ચેના જંગમાં નિર્દોષ લારી-ગલ્લા,વેપારીઓ અને રાહદારીઓમાં બંને ખૂંટિયા શાંત ન થાય ત્યાં સુધી ભારે ભયનો માહોલ પ્રવર્તે છે રખડતા ઢોર અને ખૂંટિયાઓ વચ્ચે છેડાતાં જંગમાં અનેકવાર રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકો તેમજ રાહદારીઓને પણ ઈજાઓ પહોચાડી રહ્યા છે. આ રેઢીયાળ ખૂંટીયાના ત્રાસથી વેપારીઓ તેમજ વાહન ચાલકો ત્રાસી ઉઠ્યા છે.

રખડતા ઢોર અને ખુંટીયાઓને પાંજરે પુરવા લોકમાંગ પ્રબળ બની છે બે ખૂંટીયા જંગે ચડતા એક મહિલાએ હિંમતપૂર્વક બંને ખુંટીયાઓને છોડાવવાનો નિર્થક પ્રયાસ કરતા નજરે ચડી હતી. મોડાસા શહેરના જુના પોલીસ સ્ટેશન વિસ્તારમાં સવારે બન્ને ખૂંટીયા વચ્ચે જંગ ચાલુ થતાં બજારમાં દોડધામ મચી ગઈ હતી.બે ખૂંટીયાનો જંગ જોવા લોકો ઉમટ્યા હતા બે ખૂંટીયા ભૂરાંટા બનતા નજીકમાં રહેલ શાકભાજી અને ફ્રૂટની લારીઓ અને આજુબાજુમાં આવેલી દુકાનધારકોમાં ભારે ભય ફેલાયો હતો

આ ખૂંટીયાઓ વચ્ચે અડધી કલાક સુધી જંગ ચાલુ રહેતા આ વિસ્તારમાં લોકોને રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બની ગયુ હતું. અવાર નવાર ખૂંટીયાના ત્રાસથી લોકો લારી, ગલા, વેપારી દુકાનદારો હેરાન પરેશાન બની ગયા છે. શહેરમાં ઠેરઠેર રખડતા ખૂંટીયાઓને તંત્ર દ્વારા પાંજરે પુરવા લોકોની માંગ ઉઠી છે.

# બાયડ : બસ સ્ટેન્ડ નજીકથી આઈ-૨૦ કારમાં વિદેશી દારૂની ખેપ મારતા બુટલેગરને ૮૨૮ બોટલ સાથે ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ઉત્તર ભારતના રાજ્યોમાંથી વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે જીલ્લાના હાઈવે અને અંતરિયાળ વિસ્તારમાંથી બુટલેગરો વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોના કીમિયાને નિષ્ફળ બનાવી બનાવી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપી રહી છે બાયડ પોલીસે બસ સ્ટેન્ડ નજીકથી આઈ-૨૦ કારમાંથી ૧.૬૯ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે રાજસ્થાનના બુટલેગરને દબોચી લીધો હતો .ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો ઠાલવી રહ્યા છે જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી પ્રોહીબીશનન શક્ષ કાર્યવાહીના આદેશ જીલ્લા પોલીસતંત્રાને આપતા દારૂની લાઈનો ચલાવતા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી બુટલેગરો સક્રીય થયા હોવાની અને જીલ્લા પોલીસતંત્રના કેટલાક પંકાયેલ પોલીસકર્મીઓની સાથે એક વહીવટદારની સાંઠગાંઠ હોવાની અને જીલ્લાની બોરનાલા, ઈસરી-કાલીયાકુવા અને મહીસાગર થી જીલ્લામાં પ્રવેશતા ત્રણ માર્ગો પરથી દારૂની લાઈનો ધીરે ધીરે ચાલુ થઇ હોવાની ચર્ચાએ પોલીસબેડામાં જોર પકડ્યું છે.બાયડ પીઆઈ એસ.એન.પટેલને આઈ-૨૦ કારમાં વિદેશી દારૂની ખેપ થઇ રહી છે દારૂ ભરેલી કાર ઉભરાણ બાયડ થઇ દહેગામ તરફ પસાર થવાની બાતમી મળતા બાયડ બસ સ્ટેન્ડ રોડ પર રોડ બ્લોક કરી વોચ ગોઠવી બાતમી આધારિત આઈ-૨૦ કાર આવતા અટકાવી કોર્ડન કરી કારની તલાસી લેતા કારમાંથી નાની-મોટી વિદેશી દારૂની બોટલ-૮૨૮ કી.રૂ.૧૬૯૦૮૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક બુટલેગર પ્રહલાદસિંહ પદમસિંહ સકતાવત (રહે,કારવાખાસ-આસપુર,રાજ) ને દબોચી લીધો હતો બાયડ પોલીસે વિદેશી દારૂ,મોબાઈલ,રોકડ રકમ,કાર મળી કુલ.રૂ.૪૭૨૦૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## ૧૦ હજારથી વધુની દવાઓ,ઈન્જેક્શન સહિતનો જથ્થો ઝડપાયો

# મોડાસા : રૂરલ પોલીસને જોઈ મુન્નાભાઈ એમબીબીએસની સર્કીટ ઉડી ગઈ




અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્રએ મુન્નાભાઈ એમબીબીએસ સામે શક્ષ કાર્યવાહી કરતા ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમતા દવાખાનાઓ બંધ કરી ઝોલા છાપ ડોકટરો ગાયબ થઇ ગયા છે જો કે હજુ ગ્રામ્ય વિસ્તારોમાં બોગસ ડોકટરોની હાટડીઓ ધમધમી રહી છે મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ડિગ્રી ન હોવા છતાં બોગસ ડોકટર તરીકે ક્લિનીક ખોલી લોકોની સારવાર કરતા અનેક ડોકટરો દિન-પ્રતિદિન વધી રહ્યા છે.

મોડાસા શહેર અને તાલુકામાં બોગસ ડોકટરનો રાફડો ફાટયો છે ત્યારે બાતમીના આધારે મોડાસા રૂરલ પોલીસે કુડોલ ગામમાં ઘરમાં દવાખાનું ખોલી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ઉંટવૈદ્ય યોગેશ નરસિંહભાઈ પટેલ નામના શખ્શની અટકાયત કરી ૧૦ હજાર થી વધુની દવાઓ,ઈન્જેકશન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોટી ઈસરોલ ગામનો યોગેશ નરસિંહભાઈ પટેલ નામનો શખ્સ કુડોલ ગામે ઘર ભાડે રાખી ડોકટર તરીકે એલોપેથીક માન્યતા પ્રાપ્ત ડીગ્રી વગર તબીબીની પ્રેક્ટીસ કરતા હોવાની બાતમી મોડાસા રૂરલ પીઆઈ એમ.બી.તોમરને મળતા બાતમી આધારે કુડોલ ગામે રેઈડ કરી યોગેશ પટેલને દબોચી લીધો હતો તેમજ બોગસ ડોકટરને ઝડપી પાડી ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રહેણાંક મકાનમાં આગળના ખંડમાં ઉભા કરાયેલ દવાખાનાની અંદરથી એલોપેથી દવા, મેડીકલના સાધનો, બોટલ સહીત રૂ.૧૦૪૧૬ મુદ્દામાલ કબ્જે લીધો હતો અત્રે ઉલ્લેખનીય છે કે આવા બોગસ ડોકટર મોડાસા તેમજ તાલુકામાં બિલાડીના ટોપની જેમ એમનું સામ્રાજ્ય જમાવીને બેઠા છે. અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ કુંભકર્ણની નિદ્રામાં હોઇ તેવું લાગી રહ્યું છે. પોલીસ દ્વારા રેઈડ પાડી બોગસ ડોકટરને ઝડપી પાડે છે ત્યારે આરોગ્ય વિભાગ પોતાની ફરજ ક્યારે નિભાવશે તે પ્રશ્ન જીલ્લાના પ્રજાજનોમાં ચર્ચાઇ રહ્યો છે. આરોગ્ય વિભાગના અધિકારી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તટસ્થ નિષ્પક્ષ તપાસ કરે તો ૫૦૦ થી વધુ બોગસ ડોકટર ઝડપાઈ શકે છે.

# ઉતમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી :ભરતભાઈ પરસાણા



ઉતમ ખેતી એટલે ખેતરની બહારથી એકપણ વસ્તુ ન લાવવી પડે અને માનવ, પશુ-પક્ષી અને પર્યાવરણને લાભ થઈ તેવી ઓર્ગેનીક ખેતી. આપણા પૂર્વજો ખૂબ મહેનત કરીને તેમના સમયમાં ખેતરમાં કૂવા હતા, કોશ દ્વારા પાણી નીકળતું હતું અને તે પણ રીચાર્જ કરવાની પધ્ધતિ હતી. આજે કૂવામાંથી પાણી કાઢવા માટે સોલાર સીસ્ટમ આવી ગઈ છે (સરકારની મદદ દ્વારા) વગર ખર્ચે પિયત કરી શકાય છે. બિયારણ પોતાનું હતું. ગાય અને બળદ દ્વારા ગોબર અને ગૌમૂત્રથી ખાતર અને પેસ્ટીસાઈડ કુદરતી મળત હતુ. આજે બધેજ ખરીદવું પડે છે અને યુરીયા તેમજ પેસ્ટીસાઈડ બનાવવા માટે પાણી, પ્રદૂષણ વધારે છે, દરેક કારખાનાની બાયપ્રોડકટ કાર્બોડાઈકસાઈડ છે જેના હિસાબે કોક અને પેપ્સી જેવા પીણાને સપ્લાઈ થાય છે જે પીવાથી પણ નકશાન થાય છે પાણી બગડે છે અને પર્યાવરણ બગડે છે. આજે સરકારના ડેમ, ચેક ડેમ, તળાવ, ખાળકૂવા, કેનાલ દ્વારા પાણી આપતા વર્ષમાં બે થી ત્રણ પાક લેતા ખેડૂત મિત્રોની ઓર્ગેનીક ખેતીની મહેનત અને આવડત રંગ લાવી છે જેના હિસાબે આપણે ઘઉ, ચોખા, કઠોળ, તેલીબીયા અને ફળફૂટ માંગો ત્યારે માંગો તેવી કવોલીટીના મળે છે. (૧) હવે ગ્રામજનોએ અને કિશાન મિત્રોએ ડેમ, ચેકડેમ ઉંડા ઉતારવા, રીપેર કરવા, કૂવા રીચાર્જ કરવા, સોલાર સીસ્ટમ મૂકાવવા મદદરૂપ થવુ સાથે સાથે ગામના સખી—સંપન્ન દાતાઓ પણ આ માટે આગળ આવે તેવી વિનંતી (૨) બિયારણની જાત ગામની જમીન મજબ તૈયાર કરવી અને ઋતુ મુજબ પાક તૈયાર કરવો (૩) ગૌચરની જમીન જેટલી બચી છે તેટલી તેમાં ફેન્સીગ કરી, વૃક્ષો વાવી અને ગાયો માટે ઘાસ વાવી જમીનને હરીયાળી બનાવી, ગૌશાળાને તેમજ ગામમાં રખડતી ગાયો માટે ચારાની વ્યવસ્થા કરવી (૪) ફળફુટની વાડીમાં જયાં નીચે જગ્યા હોય ત્યાં અને નુકશાન ન થતું હોય તેવી જગ્યાએ ગાયોને ચરાવવાની વ્યવસ્થા કરવી જેના હિસાબે ગાયોની ઓલાદ સુધરશે અને જે વાડીમાં ગાયો ફરે છે ચરે છે તેમાં રોગ ઝાડમાં અને અન્ય પેદાશોમાં ઓછા આવે છે અને પોષણતત્વો વધે છે તેવું પણ જોવામાં આવ્યું છે. (૫) ઓર્ગેનીક ખેતી કરી માનવ, પશુ-પક્ષી અંગેના ખોરાકના વેંચાણની સુંદર વ્યવસ્થા ગોઠવી પેકીગમાં લોકોને વિશ્વાસ આવે તેવો ખાત્રીબંધ માલ આપવો. (૬) સરકાર આજે મોદી સાહેબ તરફથી ઓર્ગેનીક ખેતી માટે રૂા.૬,૦૦૦/– વાર્ષિક અને ગુજરાત સરકાર દ્વારા રૂા. ૯૦૦/- પ્રતિમાસ એટલે કે રૂા. ૧૦,૮૦૦/– વાર્ષિક ચૂકવવામાં આવે છે તે માટે પણ દરેક ખેડૂતોને જાગૃત કરી આ યોજનાનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી (૭) ગાય ઘરે ઘરે આવશે તો જ અમૃત જેવું દૂધ મળતા લોકોની શારીરીક અને માનસિક, આર્થિક સ્થિતી સુધરશે (૮) ગોબર અને ગૌમૂત્ર દ્વારા જમીનનું નવ સર્જન થશે, જમીન પોચી મળશે જેમાં અળસીયા જેવા પાકને ફાયદો કરતા જીવાણુંઓ પેદા થશે અને પશુ-પક્ષીઓને પણ સારો ખોરાક મળતો થશે, પર્યાવરણ સુધરશે જેના હિસાબે મધમાંખી અને પતંગીયા તેમજ ચકલી જેવા પક્ષી દ્વારા પરાગ આદાન-પ્રદાન થતા ખેતીની ઉપજ વધશે, પિયત ઓછું જોશે, પેસ્ટીસાઈડ અને ખાતરનું વપરાશ બંધ થતાં માનવ રોગો અને પશુ રોગોને ફાયદો થશે, પિયત ઓછું થતા પાણીની બચત થશે અને પાણી જમીનમાં ઉતરતા તળ સાજા થશે, ખેડૂતોને ખાતર અને દવાનો થતો ખર્ચ ઓછો થશે (૯) આજે મનોવૈજ્ઞાનીક રોગો વધ્યા છે, વિકાર વધ્યા છે એટલે ચોરી, લૂંટફાટ અને બળાત્કાર જેવા બનાવો પણ વધી રહયા છે જે ઘટશે અને આજે માનવીના શરીરમાં નપુસંકતા જેવા રોગોનો પગપેસારો થતા આઈ.વી.એફ. સેન્ટરો ખુલ્લી રહયાં તેની જરૂરીયાત ઘટશે. (૧૦) માનવમાં ઓર્ગેનીક ખોરાક મળતા દયા, કરૂણા, પ્રેમ, આનંદ જેવા સદગુણો તથા સાત્વીક મનનો વિકાસ થશે (અન્ન એવું મન અને પાણી એવી વાણી) (૧૧) ભારતને સોનાની ચીડીયા બનાવવામા આપની મહેનત દ્વારા ગ્રીન રીવેલ્યુશન ઉજાગર કરી ખેત પેદાશોને નિકાશ વધારીને અને પીંક રીવેલ્યુશનને ઘટાડી શકાશે જેનાથી સમાજને અને દેશને શારીરીક અને માનસિક, આર્થિક અને પૌષ્ટીક લાભ આપ જ કરાવી શકશો.

# કોંગ્રેસ અગ્રણી શામળસિંહ પરમારનું મ્યુકર માયકોસીસ નામની બીમારીએ ભોગ લિધો



અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં સરકારી કે સરકારી સહાયથી ચાલતી સાર્વજનિક હોસ્પિટલમાં ઈ એન્ડ ટી સર્જનની જગ્યા જ ભરેલ ન હોઈ મોટાભાગે મ્યુકર માયકોસીસથી પીડાતા દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવવા દાખલ થવું પડે છે, પરંતુ તબીબો દ્વારા સફળ ઓપરેશન પછી જરૂરી એન્ફોટેરીસન-બી,લીપોસોમલ જેવી દવા ના ઈન્જેકશન અને પોસકોનાઝોલ દવાના અભાવે દર્દીઓને પૂરતી સારવાર મળી રહી ન હોવાની બૂમો ઉઠી છે . અરવલ્લી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હંસાબેનના પતિ શામળસિંહ પરમાર અને પૂર્વ માલપુર તાલુકા વિકાસ અધિકારી નું શનિવારે અમદાવાદની હોસ્પિટલમાં મ્યુકર માયકોસીસ બીમારી થી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું ગત રવિવારે મ્યુકર માઈક્રોસીસની સારવાર માટે મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેઓને અગાઉ પણ કોરોના ની બીમારીની સારવાર બાદ ડાયાબીટિસ,કિડની અને હૃદય રોગની બીમારી થી પીડાતા હતા જેથી ડોક્ટરની જરૂરિયાત મુજબ લિપોસોમલ ઈજેકસન ન મળતા શામળભાઈ નું તબિયત વધુ લથડતા અરવલ્લી આરોગ્ય જિલ્લા પંચાયત માં સદર ઈન્જેકશનનો ઉપલબ્ધ રાખવા હોસ્પિટલના તબીબે લેખિત અને રજુઆત કરવામાં આવી હોવાની એક પોસ્ટ સોસીયલ મીડિયામાં મૂકી હતી જેમાં ઉલ્લેખ કરવાં આવ્યો હતો કે સારવાર દરમિયાન ઈન્જેક્શન ન મળતા શુક્રવારે તેમની જમણી આંખે શુક્રવારે દેખાતું બંધ થઈ ગયા અને અર્ધ બેહોશ થઈ ગયા બાદ દર્દીને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન શામળસિંહ પરમારનું મોત નિપજતા સમગ્ર પંથક શોકની લાગણી પ્રસરી હતી,અરવલ્લી જિલ્લા કોંગ્રેસે સનિષ્ઠ કાર્યકર ગુમાવતા કોંગ્રેસના અગ્રણીઓ તેમજ વિવિધ રાજકીય સામાજિક સંગઠનો ના લોકોએ દુઃખ વ્યક્ત કર્યું હતું,અરવલ્લી જિલ્લામાં મ્યુકર માઈક્રોસીસ ની બીમારી થી પ્રથમ દર્દીનું મોત નિપજતા આરોગ્ય તંત્ર પણ હરકત માં આવી ગયું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.